**સુવિચાર**

દરેક દેશનું ચલણ જુદુ જુદુ હોય છે. પરંતુ સદ્‌ગુણનો સિક્કો જગતભરમાં ચાલે છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ પોષ વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૦૫૦




## ગૌપાલક પર્યાવરણ વન્ય દરિયાઈ જીવ રક્ષક ટ્રસ્ટે તપાસની કરી માંગ

# લીલીયામોટા ખાતે પિપાવાવ લીપ એગ્રી લોજીસ્ટીક દ્વારા જમીન દબાણ થયાનો આક્ષેપ

પર્યાવરણ ટ્રસ્ટની રજૂઆતને લઈને કલેક્ટર દ્વારા મામલતદારને તપાસ કરવા સુચના આપવામાં આવી

અતિ કિંમતી સરકારી પડતર અને ગૌચર જમીન ઉપર મનફાવે તેમ દબાણ કરીને મસમોટા ગોડાઉન બનાવી દીધાનું પણ ચર્ચામાં

મહાકાય ગોડાઉન ગેરકાયદેસર રીતે ઉભા કરીને દર મહિને લાખો રૂપિયાનું ભાડુ ઉઘરાવાતું હોવાનું પણ ચર્ચામાં

સ્થાનિકથી લઈને જિલ્લાકક્ષાનાં મહેસુલ વિભાગે તટસ્થ તપાસ કરીને નિયમ મુજબ કાર્યવાહી કરવી જરૂરી



અમરેલી, તા. ૮

લીલીયા મોટા ખાતેથી પસાર થતાં બ્રોડગેજ રેલ્વે ટ્રેક નજીક રહેલ સરકારી પડતર અને ગૌચર જમીન ઉપર પિપાવાવ લીપ એગ્રી લોજીસ્ટીક પ્રા. લી. કંપની દ્વારા દબાણ કરવામાં આવ્યું હોવાની રજુઆતને લઈને કલેકટર દ્વારા સ્થાનિક મામલતદારને સત્વરે તપાસ કરવા સુચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, લીલીયા મોટા ખાતે પિપાવાવ લીપ એગ્રી લોજીસ્ટીક પ્રા.લી. કંપનીએ ગૌચર અને સરકારી પડતર જમીન ઉપર દબાણ કર્યાની ફરિયાદ સરંભડાનાં ગૌપાલક પર્યાવરણ વન્ય અને દરિયાઈ જીવ રક્ષક ટ્રસ્ટ દ્વારા કલેકટરને રજૂઆત કરવામાં આવતાં તપાસનો ધમધમાટ શરૂ થયો હોય સ્થાનિકથી લઈને જિલ્લા મહેસુલ વિભાગ દ્વારા તટસ્થ તપાસ કરીને નિયમાનુસાર કાર્યવાહી થાય તે જરૂરી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પિપાવાવ લીપ એગ્રી કંપનીએ રેલ્વે ટ્રેક નજીકની જમીન ઉપર વ્યાપક દબાણ કરીને મહાકાય ગોડાઉન બનાવીને દર મહિને લાખો રૂપિયાનું ભાડુ વસુલી રહ્યાનું પણ ચર્ચાઈ રહ્યું હોય ધારાસભ્યએ પણ દરમિયાનગીરી કરીને તપાસ કરાવવી જરૂરી બની છે.

## તરૂણીને લાકડા કાપવાનાં બ્હાને નદીમાં મોકલી દઈને

# વડિયાનાં ગ્રામ્ય વિસ્તારની એક તરૂણી ઉપર બે નરાધમ યુવકોએ દુષ્કર્મ કરતાં ચકચાર

### બન્ને શખ્સોએ તરૂણીને કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી


અમરેલી, તા. ૮

વડિયા તાલુકાના મોટા ઉજળા ગામે રહેતા બે શખ્સોએ એક ૧૭ વર્ષની તરૂણીને નદીમાં લાકડા કાપવાનું કહી તરૂણીને નદીમાં મોકલી આરોપીઓએ તેણીની પાછળ નદીમાં જઈ તેણીને બળજબરીપુર્વક પકડી લઈ, જમીન ઉપર સુવડાવી તેણી ઉપર બળજબરીપુર્વક જાતિય પ્રવેશ હુમલો કરી બાદમાં બીજા આરોપીએ પણ તેની સાથે બળજબરીપુર્વક જાતિય પ્રવેશ હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ વડિયા તાલુકાના મોટા ઉજળા ગામે રહેતા આરોપી લવાભાઈ ચૌહાણ તથા મગનભાઈ ચૌહાણ નામના બે શખ્સોએ મુળ મધ્યપ્રદેશની વતની અને હાલ વડિયાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષની તરૂણીને ગત તા. ૬ના મોટા ઉજળા ગામની સીમમાં લવાભાઈ ચૌહાણની વાડીની પાસે આવેલ નદીમાં લાકડા કાપવાનું કહી તરૂણીને નદીમાં મોકલી હતી. બાદમાં આરોપીઓએ તેણીની પાછળ નદીમાં જઈ તેણીને

(અનુસંધાન પાના ૬ ઉપર)






## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ

# અમરેલી ખાતે આવતીકાલે એકલવ્ય રમતોત્સવ–૨૪ યોજાશે

**ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા, પૂર્વ મંત્રી હકુભા જાડેજા, ધારાસભ્યો મહેશ કસવાલા, જનક તળાવીયા, જે.વી. કાકડીયા તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ ભરત સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા, મુકેશ સંઘાણી, અશ્વિન સાવલિયા, ભાવેશ સોઢા, બિપિન લીંબાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે**



અમરેલી, તા. ૮

અમરેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ''ખેલો ઈન્ડિયા''ના વિચારને સાર્થક કરવાના પ્રયાસરૂપે સતત બીજા વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત તા. ૧૦/૨/૨૦૨૪નાં રોજ ડીએલએસએસ ગ્રાઉન્ડ વિદ્યાસભા અમરેલી ખાતે ''એકલવ્ય રમતોત્સવ (૨.૦)–૨૦૨૪'' યોજાશે. અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન સ્વરૂપે એકલવ્ય રમતોત્સવ (૨.૦)–૨૦૨૪નું આયોજન થઈ રહ્યું છે. જેમાં શાળા લેવલે વિજેતા થનાર ૧૨૦૦ જેટલા બાળકો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ લેવલે ભાગ લેશે. તેમાંથી અંદાજિત ૪૦૦ જેટલા બાળકો વિજેતા થશે, સાથે સાથે શિક્ષકો પણ રમત–ગમત સ્પર્ધામાં ભાગ લેશે. આ રમતોત્સવમાં બાળકોને પ્રોત્સાહિત કરવા ઈફકો, ગુજકોમાસોલનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક ગુજરાત વિધાનસભા કૌશિકભાઈ વેકરિયા, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજા તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, ધારાસભ્ય જે.વી. કાકાડીયા, રાજેશ કાબરીયા, અશ્વિનભાઈ સાવલીયા, મુકેશ સંઘાણી, ભાવેશભાઈ સોઢા, બીપીનભાઈ લીંબાણી, બિનાબેન કાલેણા, મનિષભાઈ ધરજિયા, એમ.બી. ગોહિલ, કે.વી. મિયાણી ઉપસ્થિત રહેશે. સ્વિદ્યાર્થીઓ માર્ચપાસ્ટ કરશે, વિજેતા વિદ્યાર્થીઓને દાતાઓ દ્વારા ઈનામો, મેડલ, સર્ટિફિકેટ આપવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા ટીમ શિક્ષણ સમિતિ, આચાર્યો, શિક્ષકો જહેમત ઉઠાવી રહ્યા છે. જે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની યાદીમાં જણાવવામાં આવે છે.

## લાઠીમાં પાણીનાં જર્જરીત ટાંકીને તોડી પાડવામાં આવી



અમરેલી, તા. ૮

લાઠી ગામે ગાગડીયા સર્કલ નજીક આવેલ જર્જરીત પાણીનો ટાંકો પાલિકા તંત્ર દ્વારા તોડી પાડવામાં આવતાં તે સમયે લોકોના ટોળા ઉમટી પડયા હતા.

લાઠી ગામે લાઠી નગરપાલિકા સંચાલીત ગાગડીયા સર્કલ નજીક આવેલ પાણીનો ટાંકોનો અતિ જર્જરીત હાલતમાં હોય અને તે પાણીનો ટાંકો વપરાશમાં લેવાતો ના હોય ત્યારે લાઠી નગરપાલિકા તંત્ર દ્વારા તોડી પાડવામાં આવતાં તે સમયે લોકોના ટોળા ઉમટી પડયા હતા. ત્યારે આધુનિક ટેકનોલોજી સાથે પાણીનો મસમોટા ટાંકો ધરાશાઈ થવાનો વિડીયો સામે આવ્યો છે.

## જામનગર ખાતે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન





અમરેલી, તા. ૮

જામનગર ખાતે તા. ૪/૨૦૨૪ ને રવિવારે સવારે ૯ કલાકે શીતલ પાર્લરનું મંગલ ઉદઘાટન વિજયભાઈ સાપોવડીયા તથા રવિભાઈ સોપાવડીયા (પાર્લર ઓનર) ના હસ્તે શોપ નં.૭ શિવાલય કોમ્પલેક્ષ, ગણેશ અગરબતીની બાજુમાં ગુલાબનગર, ખાતે સંપન્ન થયું. આ શુભ પ્રસંગે રમેશભાઈ સોપાવડીયા, રાધિકાબેન સાપોવડીયા, શ્રુતીબેન સાપોવડીયા, પ્રદિપભાઈ પટેલ, ગોપાલભાઈ કાસુંદ્રા, દિપભાઈ કાસુંદ્રા તથા અર્કિતભાઈ સોરઠીયા (શીતલ આઈસ્ક્રીમ ડીસ્ટ્રીબ્યુટર) તેમજ આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. તેવું શીતલ કુલ પ્રોડકટસ લીમીટેડ અમરેલીનાં ફ્રેન્ચાઈઝી હેડ દિપકભાઈ આર.જોષીની યાદીમાં જણાવામાં આવેલ છે.

## વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ ખાતે સાવરકુંડલામાં વકૃત્વ સ્પર્ધા અને બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધાનું આયોજન

**વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનું ઘડતર થાય તેવા પ્રયાસ**





સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા નુતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામા વકૃત્વ સ્પર્ધાનું આયોજન પ્રા.ડો. હરિતાબેન જોશીએ કર્યું હતું. જેમાં પ્રા.ડો.પ્રતિમાબેન શુકલ તથા ખડદીયા નિર્ણાયક તરીકેની સેવા આપી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૪ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ઝાખરા અક્ષા તથા ચૌહાણ આસિયા પ્રથમ, કુબાવત જાનવી બીજા તથા કિલજી કૃપાલી ત્રીજા ક્રમે રહ્યા હતા તથા બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધાનું આયોજન પ્રા.ડો. છાયાબેન શાહે કર્યું હતું. જેમાં ૧૩ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે મન્સુરભાઈ ખેરાજ, પ્રા.ડો.હરીતાબેન જોષીએ ભૂમિકા ભજવી હતી. મહિલા કોલેજમાં બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધામાં પ્રથમ ક્રમે નિમાવત કૃપા, બીજા ક્રમે કુબાવત જાનવી તથા ત્રીજા ક્રમે જાખરા અક્ષાએ સ્થાન મેળવ્યું હતું.

બંને સ્પર્ધામાં મહેમાનનું સ્વાગત કોલેજના પ્રિન્સિપાલ ડી.એલ. ચાવડાએ કર્યુ હતું. સહ આયોજક તરીકે ડો.જાગૃતીબેન રાઠોડ, પ્રા.નયનાબેન કાપડિયાએ સક્રિય સહયોગ આપ્યો હતો. આ સભા સંચાલન અગ્રાવત ખુશ્બુ તથા રામપ્રસાદી સપનાએ કર્યુ હતું. પૂર્વ બેસ્ટ પર્સનાલિટી ખુમાણ વૈભવીએ બેસ્ટ પર્સનાલિટીનો તાજ વર્તમાન બેસ્ટ પર્સનાલિટીને પહેરાવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રિન્સિપાલ ચાવડા તથા સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીનીઓનો નોંધનીય ફાળો રહ્યો.

## સાવરકુંડલાથી મહુવા એસ.ટી. બસના ડ્રાયવર કંડકટરે મુસાફરનો કિંમતી સામાન પરત કર્યો



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલાથી મહુવા એસ.ટી. બસના ડ્રાઈવર અને મહિલા કંડકટરની પ્રમાણિકતા સામે આવી છે. જેમાં સાવરકુંડલા મહુવા એસટી બસમાં સવારે ૫:૪૫ વાગે સાવરકુંડલા એસટી ડેપોથી એક પેસેન્જર ગોરડકા ગામ જવા માટે બેઠા હતા અને ગામ આવતા તેઓ ઉતરી ગયા હતા. પરંતુ તેમની સાથે રહેલો કપડા અને અન્ય સામાન જેમાં આધાર કાર્ડ, લાયસન્સ, ચૂંટણીકાર્ડ અને એ.ટી.એમ. તેમજ ૧૦ હજારની રોકડ રકમ વગેરે ભુલી ગયા હતા. બાદમાં તેઓને જાણ થતા બસ ડ્રાઈવર અને કંડકટરનો સંપર્ક કરતા તેઓએ ખાતરી કરી બધો સામાન પરત કરી ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયુ હતુ. જેની સૌ કોઈ પ્રશંસા કરી રહ્યા છે.

## ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલને પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદીનું અનુદાન

ટીંબી, તા. ૮

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ,ટીંબી (તા. ઉમરાળા, જી. ભાવનગર) માં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવા કાર્યથી પ્રભાવીત હોસ્પિટલનાં શુભેચ્છક, દાતા અને વિશ્વપ્રસીધ્ધ કરૂણાવાન હાસ્ય કલાકાર પદ્મશ્રી ડો. જગદિશભાઈ ત્રિવેદીએ અગાઉ કુલ રૂા. ૩૨,૨૯,૭૩૮ અંકે રૂપિયા બત્રીસ લાખ ઓગણત્રીસ હજાર સાતસો આડત્રીસપુરા અનુદાન હોસ્પિટલને અર્પણ કરેલ.તદ ઉપરાંત આજરોજ તા. ૯/૨/૨૪ના રોજ પદ્મક્ષી ડો. જગદિશભાઈ ત્રીવેદીનાં ધર્મપત્ની નિતાબેન જગદિશભાઈ ત્રિવેદીનાં જન્મદિવસ નિમીતે રૂા. ૧૮,૭૦,૨૬૨ અંકે રૂપિયા અઢાર લાખ સીતેર હજાર બસ્સો બાસઠ પુરાનું અનુદાન અર્પણ કરી ગૌશાળા પરીસરમાં નિર્માણાધીન સીટીસ્કેન, મેડીકલ સ્ટોર વગેરે બિલ્ડીંગ માટે કુલ રૂા. ૫૧,૦૦,૦૦૦ અંકે રૂપિયા એકાવન લાખ પુરાની માતબર રકમનુ અનુદાન પ્રાપ્ત થયેલ છે. સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળે નિઃશુલ્ક આરોગ્ય સેવામાં સહભાગી થવા બદલ દાતા પદ્મશ્રી ડો.જગદિશભાઈ ત્રિવેદી અને તેમના પરીવારજનોનો હ્રદયપુર્વકનો ખુબ ખુબ આભાર વ્યકત કરે છે.

## સાવરકુંડલાના વિદ્યાર્થીઓએ નેશનલ લેવલ પરીક્ષામાં ગોલ્ડ મેડલ મેળવ્યો



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા બ્રાન્ચ શાળા નંબર છ માં વર્ષ ૨૦૨૩–૨૪માં રંગોત્સવ સેલિબ્રેશન નેશનલ લેવલની કોમ્પિટીટીવ પરીક્ષામાં બાળકોએ ભાગ લીધેલ હતો તેમાંથી ૨૫ બાળકોએ ભાગ લીધેલ. જે પૈકી ૧૦ બાળકોને ગોલ્ડ મેડલ અને બ્રોન્ઝમેડલ પ્રાપ્ત થયાં હતા વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહભેર આ પરીક્ષામાં ભાગ લીધેલ હતો. તેને પ્રોત્સાહન આપવા માટે ધોરણ છ થી આઠ ના શિક્ષક મનિષાબેન ઠાકર તેમજ હિરલબેન મહેતા તેમજ રસિકભાઈ ધડુક તેમજ રાજેશભાઈ જોષીએ બાળકોને પ્રોત્સાહિત કરેલ હતા. તે ઉપરાંત ધોરણ ત્રણથી પાંચના બાળકોને શેલડીયા અરવિંદભાઈ તેમજ દીપાલીબેન વ્યાસ તેમજ કિરણબેન રૈયાણી ધોરણ ત્રણથી પાંચના બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે શાળાના આચાર્યા ભદ્રાબેન ભટ્ટ આ પરીક્ષાનું સમગ્ર સંચાલન કરનાર શાળાના શિક્ષક મયુરીબેન એસ. દવેને શાળા સ્ટાફ વતી અભિનંદન આપેલ છે અને પ્રોત્સાહિત કરેલ છે. બાળકોની ઉત્કૃષ્ટ પ્રગતિ માટે અને બાળકોના સર્વાંગી વિકાસ માટે, બાળકો આવી પ્રગતિના પંથે જાય તે માટે શિક્ષક મયુરીબેન દવેને તમામ સ્ટાફ તેમજ આચાર્યા ખુબ ખુબ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરેલ.

# જમ્મુ કાશ્મીર ખાતે રાજયપાલ મનોજ સિંહાની શુભેચ્છા મુલાકાત લેતાં દિલીપ સંઘાણી



ઈફકો–ગુજકોમાસોલનાં ચેરમેન અને નેશનલ કો–ઓપરેટીવ ફેડરેશન ઓફ ઈન્ડિયાનાં પ્રમુખ દિલીપ સંઘાણીએ સહકારી ક્ષેત્રનાં મુખ્ય હિતધારકો સાથે આજરોજ રાજભવન જન્મુ કાશ્મીર ખાતે લેફટનન્ટ ગર્વનર મનોજસિહા સાથે મુલાકાત કરી હતી. રાજયપાલ સાથેની મુલાકાત દરમીયાન સંઘાણીએ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીની કાર્યક્ષમતા, વધારવા અને રાષ્ટ્રીય સંગઠનની સદસ્યતા વધારવા માટેની અનેક યોજના સહિત રાજયનાં ખેડૂતોના સર્વાંગી વિકાસમાં સહકારની એગ્રીકલ્ચર ડવલોપમેન્ટ પ્રોગ્રામ (એચ.એ.ડી.પી.) માં નિવૃત સૈન્ય કર્મચારીઓનાં અનુભવ અને કુશળતાનો ઉપયોગ કરવા પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે નવા ખેડૂત ઉત્પાદક સંગઠનો અને સહકારી મંડળીઓની રચના અંગે આયોજન કરવામાં આવેલ હતું. આ તકે રાજયપાલએ વિશ્વાસ વ્યકત કરેલ કે સહકારનો પાયો જન્મુ કાશ્મીરમાં ફસલ સમૃધ્ધી અને કિશાનોની આર્થીક સમૃધ્ધીમાં મહત્વપુર્ણ યોગદાન આપશે તેમ જણાવેલ. જન્મુ કાશ્મીરના પ્રવાસ દરમીયાન રાજયપાલ સાથેની શુભેચ્છા મુલાકાતમાં રાષ્ટ્રીય સહકારી અગ્રણી દિલીપ સંઘાણીની સાથે ડો.કૃષ્ણબીર ચૌધરી, સભ્ય એમ.એસ.પી.સમીતી અને રાષ્ટ્રીય અધ્યક્ષ ભારતીય ખેડૂત સમાજ, પ્રવિણ શર્મા – ચેરમેન નાગરિક સહકારી બેંક લી. વિક્રાત ડોગરા – પ્રમુખ જન્મુ અને કાશ્મીર ડેરી કો–ઓપરેટીવ યુનીયન સરહદ પ્રવાસન સહકારી ઉરીનાં ખાલીદ લોન અને સહકારી સંસ્થાઓનાં અન્ય અગ્રણી સભ્યો આ તકે ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## સુપ્રીમ કોર્ટનાં એડવોકેટ નરેન્દ્ર મિશ્રાનો આશાવાદ

# લોકસભાની ચૂંટણીની મતગણતરીમાં વીવીપેટની ચિઠ્ઠી ગણાશે ?

**જયારથી ઈવીએમ અને બાદમાં વીવીપેટનો ઉપયોગ શરૂ થયો ત્યારથી ચૂંટણી પ્રક્રિયા વિવાદાસ્પદ બની રહી છે**

**૨૦૦૯માં યુપીએનો વિજય થયો તો ભાજપે ઈવીએમ સામે અનેક પ્રશ્ન ઉપસ્થિત કર્યા'તા**

**એક સમયે નરેન્દ્ર મોદી, એલ.કે. અડવાણીએ પણ ઈવીએમથી ચૂંટણી યોગ્ય ન હોવાનું જણાવેલ**

**જો કે હવે કોંગ્રેસ, સપા, બસપા સહિતનાં વિપક્ષો ઈવીએમ અને વીવીપેટને લઈને આશ્ચર્ય વ્યકત કરી રહ્યા છે**

અમરેલી, તા. ૮

દેશ માટે અતિ મહત્વની અને દેશનાં લગભગ ૯૭ કરોડ જેટલા મતદારો જે ચૂંટણીમાં મતદાન કરવાના છે તેવી લોકસભાની ચૂંટણી આગામી એપ્રિલ–મે મહિનામાં યોજાવાની સંભાવનાં વચ્ચે ઈવીએમ, વીવીપેટથી થતી ચૂંટણી તટસ્થ, પારદર્શી રીતે થતી નથી તેવો દાવો વિપક્ષી નેતાઓ અને સુપ્રીમ કોર્ટનાં સિનીયર એડવોકેટ કરી રહ્યા છે.

દરમિયાનમાં સુપ્રીમ કોર્ટનાં એડવોકેટ નરેન્દ્ર મિશ્રાએ તાજેતરમાં એક સોશ્યલ નેટવર્ક ઉપર પત્રકાર સાથેની વાતચીતમાં જણાવેલ કે ઈવીએમ અને વીવીપેટને લઈને સુપ્રીમ કોર્ટમાં અનેક અરજી પર સુનાવણી ચાલી રહી છે અને આગામી થોડા જ દિવસોમાં ચૂંટણીપંચ ધ્વારા વીવીપેટની ચિઠ્ઠી ગણીને ઉમેદવારની હાર–જીતનો નિર્ણય ચોકકસ કરાશે તેવી ખાત્રી પત્રકારને આપી હતી.

બીજી તરફ આગામી ૧૦ થી ૨૦ દિવસમાં સુપ્રીમ કોર્ટનાં એડવોકેટ, નિવૃત્ત જજ, સિનીયર સિટીઝન સોસાયટી, અન્ય સંસ્થાઓ ધ્વારા ચૂંટણી પંચ, પ્રધાનમંત્રી અને સુપ્રીમ કોર્ટ સમક્ષ લોકસભાની ચૂંટણી માત્ર બેલેટ પેપરથી કરવાની માંગ કરાશે અને સુપ્રીમ કોર્ટનાં એડવોકેટ ભાનુ પ્રતાપે દાવો કર્યો છે કે જયાં સુધી બેલેટ પેપરથી ચૂંટણી કરવાનો નિર્ણય ન થાય ત્યાં સુધી લોકસભાની ચૂંટણી સંભવ જ નથી.

ઈવીએમથી જયારથી ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ છે ત્યારથી ચૂંટણી પ્રક્રિયા વિવાદમાં આવી છે. ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી યોજાઈ અને તેમાં યુપીએનો વિજય થતાં તે મસયે ભાજપનાં કદાવર નેતા એલ.કે. અડવાણી, નરેન્દ્ર મોદીએ પણ ઈવીએમ સામે શંકા દર્શાવી હતી અને ભાજપનાં એક નેતાએ તો ઈવીએમની કાર્યશૈલીને લઈને બુક પણ પ્રસિધ્ધ કરી હતી જેનું વિમોચન એલ.કે. અડવાણીએ કરેલ. નરેન્દ્ર મોદીએ જાહેર મંચ પરથી ઈવીએમથી અમેરિકા જેવા સમૃધ્ધ દેશમાં ચૂંટણી થતી ન હોય તો ભારતમાં શું કામ થાય છે તેવો પ્રશ્ન ઉપસ્થિત કરેલ. જો કે હાલમાં તેઓ ઈવીએમને લઈને કોઈ પ્રશ્ન ઉઠાવતા નથી તે હકીકત છે.

આમ ઈવીએમ અને બાદમાં વીવીપેટનો ઉપયોગ શરૂ થતાં આ વિવાદ શાંત થવાને બદલે આગળ વધી રહ્યો છે અને દેશનાં કરોડો મતદારોમાં પણ ઈવીએમથી ચૂંટણી થશે કે પછી પુનઃ બેલેટ પેપરથી થશે તેને લઈને ઉત્તેજન જોવા મળી રહી છે.

## લીલીયા : ચેક રીટર્ન કેસમાં 3 માસની સજાનો હુકમ

લીલીયા મોટા, તા. ૮

લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર ઓશકભાઈ ભીખાભાઈ દેગડા રે. સાવરકુંડલાનો ચેક રૂા. ૬૫,૬૭૦નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતાં લીલીયા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના માનદ મેનેજર જીતેન્દ્ર ડી. પાઠકે આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર કિશોભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ કેસ નં. ૫૫૦/૨૦૨૩નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતાં અદાલત ધ્વારા અશોકભાઈ ભીખાભાઈ દેગડાને ત્રણ માસની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ રૂા. ૬૫,૬૭૦ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતાં મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

### સીટી વગાડી સીનસપાટા કરતો હતો

## લીલીયામોટાની શાળા નજીક રોમિયોગીરી કરતા યુવકને પોલીસે ઝડપી લીધો

**બાઈક, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબ્જે**

અમરેલી, તા. ૮

લીલીયા તાલુકાના હરીપર, જુની નિશાળ પાસે રહેતા આરોપી આસીફભાઈ દિલુભાઈ સમા નામના ૨૪ વર્ષિય શખ્સે ગત તા. ૭ના બપોરના સમયે લીલીયા ટાઉન વિસ્તાર જાહેરમાં અવર–જવર કરતી મહિલાઓ તથા વિદ્યાર્થીઓની સામે સીટી વગાડી વર્જીત ચેનચાળા કરી રોમીયોગીરી કરી મોટર સાયકલા ઉપર બેસી ઈશારાઓ કરતો હોય. લીલીયા પોલીસે આરોપીને કાળા કલરનુ મોટર સાયકલ નં. જીજે–૧૪ બીબી ૧૭૮૪ કિંમત રૂપિયા ૩૫,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા. ૭,૦૦૦ સાથે કુલ રૂપિયા ૪૨,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### મોટી સંખ્યામાં હરિભકતોની ઉપસ્થિતિ વચ્ચે

## ખાંભાનાં દાઢીયાળી ખાતે શાકોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી

**સંતોએ જાતે રસોઈ બનાવી જમાડયા**



ખાંભા, તા. ૮

ખાંભાના દાઢીયાળી ગામે ભવ્ય શાકોત્સવની ઉજવણી ના ભાગરૂપે હરિભકતો અને સંતોનું સ્નેહ મિલન યોજાયું હતું. આ શાકોત્સવના માધ્યમથી સંતો દ્વારા હરિભકતોને ભગવાન સ્વામિનારાયણનું ગુણગાન તેમજ તેનું મહત્વ સમજાવવામાં આવે છે. જયારે ભગવાન સ્વામિનારાયણ દ્વારા શાકોત્સવની શરૂઆત કેવી રીતે અને કયાં કરવામાં આવી હતી. તેની માહિતી આપવામાં આવી હતી. બીજી તરફ આ શાકોત્સવમાં સંતો દ્વારા પોતાના હાથે તમામ રસોઈ બનાવી હરિભકતોને જમાડયા હતા. જયારે રીગણાનું શાક સાથે સાથે મીઠાઈ, રોટલા, રાઈતા મરચા, છાસ વગેરે પીરસવામાં આવ્યું હતું અને હરિભકતો પણ ભાવથી જમ્યા હતા. બીજી તરફ ખાંભા ઉપરાંત, મહુવા વગેરે મંદિરો માંથી સંતો પધાર્યા હતા. જયારે પોતાની કાલીઘેલી ભાષામાં હરિભકતોને ભગવાનના ગુણગાનનું પ્રવચન આપવા માં આવ્યું હતું અને આ તકે પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર તેમજ હરિભકતો તેમજ ગામના અગ્રણીઓ તેમજ પોલીસ સ્ટાફ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને આ ભવ્ય શાક ઉત્સવને સફળ બનાવવા દાઢીયાળી ગામના હરિભકતોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## દામનગરના ચોરીના ગુનાના કામે નાસતો ફરતો લીસ્ટેડ આરોપી ઝડપાયો



અમરેલી, તા. ૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે દામનગર પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૭૯, ૧૧૪ના આરોપી કિરીટ ઉર્ફે ભુરો પ્રવિણભાઈ ધકાણ, (રહે. નવાગામ, તા. ગારીયાધાર) હાલ રહે. સુરત વાળા છેલ્લા આઠેક માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે સુરત મુકામેથી મજકુર લીસ્ટેડ આરોપીને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ દામનગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ઝેરી દવા, પાણીમાં ડૂબવા કે પડી જવા જેવી ઘટના બની

## અમરેલી જિલ્લામાં જુદા–જુદા વિસ્તારમાં એક જ દિવસમાં અપમૃત્યુનાં પાંચ બનાવ

**જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં જાહેરાત થઈ**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં એક જદિવસમાં અલગ અલગ પાંચ જેટલા અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાતા સ્થાનિક પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં લાઠી તાલુકાના દામનગર, બહારપરામાં રહેતા મુકેશભાઈ ભીખાભાઈ નારોલા નામના ૪૫ વર્ષિય આધેડ ગત તા. ૭ના રોજ પોતાના રહેણાંક મકાને આગાશી ઉપરથી નીચે કપડા લઈને નીચે ઉતરતા હોય તે દરમ્યાન તેઓને આંચકી (ઈસ્ટોરીયા) આવી જતા અકસ્માતે અચાનક દાદરા ઉપરથી નીચે પડી જવાથી માથાના પાછળના ભાગે ગંભીર પ્રકારની ઈજા થવાથી તથા જમણા પગે ઈજા થવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે બીજા બનાવમાં સાવરકુંડલા જલારામ સોસાયટીમાં રહેતા હર્ષાબેન આશિષભાઈ પથ્થર નામના ૩૪ વર્ષિય મહિલાના પતિ ત્રણેક માસ પહેલા મરણ ગયેલ હોય જેનો આઘાત લાગતા ગત તા. ૭ના રોજ પોતે પોતાના ઘરે એકલા હોય તે દરમ્યાન પોતાની મેળે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં રાજુલા ગામે આવેલ ઢોલીયાધાર, ભગવતીપરા વિસ્તારમાં રહેતા પાયલબેન અશોકભાઈ વલ્લભભાઈ પરમાર નામની ૨૩ વર્ષિય પરિણીતાને નાનપણથી માનસીક બીમારી હોય અને પોતે આવેશમાં આવી શું કરી બેસે તેની પોતાને પણ ખબર રહેતી ન હોય અને આ સામાન્ય બીમારી હોય, જેથી કોઈજ સારવાર કરાવેલ ન હોય અને હમણા થોડા સમયથી તેણી તેના પતિ તથા સાસરીયાવાળાને કહ્યા કરતા કે હું આ માનસીક બીમારીથી કંટાળી ગયેલ છું, મારે નથી જીવવુ એવા વિચારો સતત કરતા હતા. અને ગત તા. ૭ના રોજ તેણી પોતાની દિકરી સાથે ઘરે એકલા હતા ત્યારે તેણીએ તેની દિકરી, તેના ભત્રીજીને રમવા આપી માનસીક બીમારીથી કંટાળી જઈ પોતાના રહેણાંક મકાનના રૂમમાં ઠેલ સાથે દોરડુ બાંધી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે ચોથા બનાવમાં લાઠી ગામે શિવાજી ચોક આહિર શેરીમાં રહેતા તેજસભાઈ અમરૂભાઈ ડાંગર નામના ૧૩ વર્ષિય વિદ્યાર્થી ગત તા. ૭ના રોજ બપોરના આશરે બેએક વાગ્યે લાઠી ટાઉન દિલા ડુંગર પાસે આવેલ તળાવમાં પોતે તળાવમાં ન્હાવા જતા અકસ્માતે પાણીમાં ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાંચમાં અને અંતિમ બનાવમાં બાબરા તાલુકાના ઈરિયા ગામે રહેતા શૈલેષભાઈ ભરતભાઈ કમેજાળીયા નામના ૨૨ વર્ષિય યુવક માનસિક બીમાર હોય અને તેને છેલ્લા બે–એક વર્ષથી રાજકોટ તથા ભાવનગરથી મગજની દવા લીધેલ હોય અને તેને મગજની તકલીફ હોય જેના કારણે ગત તા. ૫ ના રોજ સાંજના આશરે છ વાગ્યે ઈરીયા ગામે ઝેરી દવા પીવાના કારણે મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.






















### રિઝર્વ બેન્કની મોનેટરી પોલિસીની બેઠકમાં શશીકાંત દાસનું નિવેદન

# ૨૦૨૪-૨૫માં અર્થવ્યવસ્થા સાત ટકાના દરે વિકાસ

## ગ્રામીણ માંગમાં તેજી યથાવત્ છે, જ્યારે શહેરી વપરાશમાં મજબૂત પ્રદર્શન જોવા મળી રહ્યું છે, મૂડી ખર્ચ વધતા રોકાણ ચક્રમાં ગતિ પકડી રહ્યું છે : દાસ

નવી દિલ્હી, તા.૮

ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતની અર્થવ્યવસ્થા સાત ટકાના વિકાસ દરે વધવાનો અંદાજ મુક્યો છે. અગાઉ વર્તમાન નાણાંકીય વર્ષમાં ૭.૩ ટકાનો અંદાજ મુકાયો હતો.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે દર બે મહિને યોજાતી મૉનેટરી પૉલિસીની બેઠકમાં કહ્યું કે, ગ્રામીણ માંગમાં તેજી યથાવત્ છે, જ્યારે શહેરી વપરાશમાં મજબૂત પ્રદર્શન જોવા મળી રહ્યું છે અને મૂડી ખર્ચ વધતા રોકાણ ચક્રમાં ગતિ પકડી રહ્યું છે.

તેમણે કહ્યું કે, ખાનગી રોકાણમાં વધારો થવાનો સંકેત જોવા મળી રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીડીપીમાં સાત ટકા પર પહોંચવાનો અંદાજ છે. દેશનો વિકાસ દર જૂન ક્વાર્ટરમાં ૭.૨ ટકા અને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે.

દાસે કહ્યું કે, સ્થાનિક આર્થિક ગતિવિધિઓમાં મજબૂત સ્થિતિ જોવા મળી રહી છે. રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (એનએસઓ)ના અંદાજ મુજબ, વર્તમાન નાણાંકીય વર્ષમાં વૃદ્ધિ દર ૭.૩ ટકા છે. ગત નાણાંકીય વર્ષની જેમ વર્તમાન નાણાંકીય વર્ષમાં પણ ગતિ યથાવત્ રહેવાની આશા છે. ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૬૨૨.૫ અબજ ડૉલર પર પહોંચી ગયો છે, જે તમામ વિદેશી પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવામાં પર્યાપ્ત છે.

આ અગાઉ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલ નિર્ણય અંગે માહિતી આપી છે.

સમિતિ દ્વારા પોલિસી રેટ સ્થિર રાખવામાં આવ્યા છે. પહેલાથી એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે રેપો રેટને સતત છઠ્ઠી વખત ૬.૫ પર સ્થિર રાખવામાં આવ્યા છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે ફુગાવામાં ઘટાડો થઈ રહ્યો છે જે સારા સંકેત છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ છેલ્લે ૨૦૨૩ની ૮ ફેબ્રુઆરીએ રેપો રેટ વધાર્યો હતો. ત્યારબાદ આરબીઆઈએ તેમાં ૨૫ બેસિસ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકાનો વધારો કરીને ૬.૫ ટકા કર્યો હતો. ત્યારથી, આ દરો સતત છ એમપીસી બેઠકોમાં યથાવત રાખવામાં આવ્યા છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે દેશનું વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. વચગાળાના બજેટ બાદ આરબીઆઈએમપીસીની આ પ્રથમ બેઠક છે.

### પોતે દેવગઢ બારિયાનો પીએસઆઇ હોવાની ઓળખ આપી

# કોન્સ્ટેબલે PSIની ઓળખ આપી વકીલ અને પોલીસ દંપતિ પાસેથી ૪ લાખ ઠગ્યા

## દાહોદમાં સાયબર સેલની કામગીરી ગોધરાના વતની અને કોન્સ્ટેબલ અનીલકુમાર સોલંકીને સોંપી હતી

દેવગઢ બારિયા, તા.૮

દેવગઢ બારિયામાં સાયબર ક્રાઈમના પ્રકરણમાં કોન્સ્ટબલે PSIની ઓળખ આપીને હરિયાણાના વકિલ અને પોલીસ દંપતિ પાસેથી ચાર લાખ રૂપિયાની ઠગાઇ કરી છે. હરિયાણાના વકિલની ફરિયાદના આધારે દેવગઢ બારિયા પોલીસે ઠગાઇ કરનારા કોન્સ્ટેબલ સામે ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

દેવગઢ બારિયા પોલીસ મથકની હદમાં એક વ્યક્તિએ સાઈબર ક્રાઈમનો ભોગ બની બે લાખ ગુમાવ્યા હતાં. જેની બારિયા પોલીસ મથકે અરજી કરી હતી. દાહોદમાં સાયબર સેલની કામગીરી ગોધરાના વતની અને કોન્સ્ટેબલ અનીલકુમાર સોલંકીને સોંપી હતી. જેથી અરજીના આધારે અનીલકુમારે ઠગાઇ કરનારે વ્યવહાર કર્યા હતા, તે તમામ એકાઉન્ટ ફ્રીજ કરાવ્યા હતાં

આ એકાઉન્ટમાં હરિયાણાના ફરીદાબાદમાં સેક્ટર ૭૦માં આગમન સોસાયટીમાં ફ્લેટ નંબર ૧૦૧માં રહેતાં વકિલ જશવીર અમરસીંઘ સીંઘ અને હરિયાણા પોલીસમાં કેન્સ્ટેબલ પત્ની કોમલના ફરીદાબાદની પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટ બારિયા પોલીસે ફ્રીજ કરાવ્યાની જાણ થતાં જશવીરસિંઘે બારિયા પોલીસ મથકે તપાસ કરી હતી. જોકે, કોન્સ્ટેબલ અનીલકુમારે સંપર્ક કરીને પોતાનો ખાનગી નંબર આપીને પોતે દેવગઢ બારિયાનો પીએસઆઇ હોવાની ઓળખ આપી દંપતિને આ પ્રકરણમાં આરોપી બનાવવાની, મહિલાની પોલીસની નોકરી છોડાવી દેવાની ધમકીઓ આપી એકાઉન્ટ અનફ્રીજ કરવા માટે રૂપિયાની માગણી કરી હતી.

જોકે, ઝંઝટમાંથી મુક્તિ મેળવવા તેમજ આ માટે ગુજરાત આવવાનું ટાળવા રૂપિયા આપવા રાજી થઇ જતાં કોન્સ્ટેબલ અનિલકુમારે ૬ ફેબ્રુઆરી ૨૦૨૩થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન દંપતિ પાસેથી ચાર લાખ સેરવી લીધા હતાં. વકિલ જશવીંરસીંઘે ઠગાઇ થઇ હોવાનું જાણતા ૫ ફેબ્રુ.એ દેવગઢ બારિયા આવી ફરિયાદ કરતાં પોલીસે કોન્સ્ટેબલ અનિલકુમાર સામે ઈપીકો ૪૦૯,૪૨૦ અને ૧૭૦ મુજબ ગુનો નોંધી ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાતાં શુક્રવાર સુધીના રિમાન્ડ આપ્યા હતાં. હરિયાણાના ફરીદાબાદમાં રહેતાં જશવીર અમરસીંઘ સીંઘ અને હરિયાણા પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી તેમની પત્ની કોમલે તેમના જ સબંધી જરૂર પડતાં ઉધાર રૂપિયા આપ્યા હતાં. આ રૂપિયાની માગણી કરતાં સબંધી યુવકે રૂપિયા બેંક એકાઉન્ટમાં નાખવા માટે જણાવ્યુ હતું. સબંધી યુવક સાઈબર ઠગ હોવાની વાતથી અજાણ બંનેએ તેમના બેંક એકાઉન્ટ આપી દીધા હતાં. સબંધી યુવકે દેવગઢ બારિયામાં ઓન લાઈન ઠગાઈ કરીને મેળવેલા રૂપિયા માંથી ઉધારી પેટે ચૂકવવાના રૂપિયા પોતાના એકાઉન્ટમાંથી જશવીર અને કોમલના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતાં. દે. બારિયા પોલીસ તપાસના ભાગ રૂપે ઠગ યુવક સાથે તેણે રૂપિયા ટ્રાન્સફર કર્યા હોઈ જશવીરસીંઘ અને કોમલબેનના બેંક એકાઉન્ટ પણ ફ્રીજ કરાવી દીધા હતાં. એકાઉન્ટ કયા કારણોસર ફ્રીજ થયા તેની બેંકમાં તપાસ કરતાં બારિયા પોલીસે કરાવ્યા હોવાનું જણાતાં જશવીરસીંઘે હકિકત જાણવા માટે બારિયા પોલીસનો સંપર્ક કર્યો હતો.ફોન પે એકાઉન્ટ અનફ્રીજ કરવાનું કહેતાં ૧ લાખ માંગ્યા અનીલ સોલંકીએ વકિલ અને તેની પોલીસ સહિત તેમના પરિવારના તમામ એકાઉન્ટ ફ્રીજ કરાવી દીધા હતાં. પત્નીને ધમકી આપીને ચાર લાખ મેળવી લીધા બાદ તેણે તમામ એકાઉન્ટ અનફ્રીજ કરાવી દીધા હતાં. જોકે, વકિલ જશવીરસીંઘને ફોન પે એકાઉન્ટ ફ્રીજ હોવાથી તે પણ અનફ્રીજ કરવા કહેતાં તેની માટે વધારાના એક લાખ માગ્યા હતાં. આખરે કોન્સ્ટેબલ સામે ગુનો નોંધાયો હતો.

### રાજ્યસભાના નિવૃત્ત થતા ૫૬ સભ્યોને વિદાય

# મનમોહનસિંહનું માર્ગદર્શન હંમેશા યાદ કરાશે : વડાપ્રધાન

## લોકતંત્રની ચર્ચા થશે ત્યારે તેમની પણ ચર્ચા થશે : મોદી

નવી દિલ્હી, તા.૮

વડાપ્રધાન મોદીએ રાજ્યસભામાં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ રાજ્યસભામાં ૫૬ સાંસદોની વિદાયના અવસરે સંબોધનમાં કહ્યું કે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે જે રીતે દેશનું માર્ગદર્શન કર્યું છે, તેમના યોગદાનને હંમેશા યાદ કરાશે.

ખરેખર તો રાજ્યસભામાં જે ૫૬ સાંસદોનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે તેમાં પૂર્વ પીએમ મનમોહન સિંહ પણ સામેલ છે. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે હું ડૉ. મનમોહન સિંહ વિશે કંઈક બોલવા માગુ છું. ૬ વખત આ ગૃહમાં નેતા તરીકે અને વિપક્ષના નેતા તરીકે પણ તેમનું યોગદાન રહ્યું છે.

વૈચારિક મતભેદ, ડિબેટમાં આક્ષેપબાજી એ થોડાક સમય માટે હોય છે. તેમણે આ ગૃહનું અને દેશનું માર્ગદર્શન કર્યું છે. જ્યારે પણ લોકતંત્રની ચર્ચા થશે ત્યારે તેમની પણ ચર્ચા થશે. તેમના યોગદાનને લોકો યાદ કરશે.

ડૉ. મનમોહનની પ્રશંસા કરતાં પીએમ મોદીએ કહ્યું કે ડૉ. મનમોહન સિંહે ગૃહનું અનેકવાર માર્ગદર્શન કર્યું. જ્યારે સાંસદોના યોગદાનની વાત થશે તો મનમોહન સિંહની જરૂરથી ચર્ચા થશે. તે વ્હિલચર પર આવ્યા અને એક સમયે વોટ આપ્યો એ પણ લોકતંત્રને તાકાત આપવા... ખાસ કરીને તેમના માટે પ્રાર્થના છે કે અમારું માર્ગદર્શન કરતાં રહે.

સેવાનિવૃત્ત થનારા સભ્યોને યાદ કરતાં પીએમ મોદીએ કહ્યું કે જે માનનીય સાંસદો જઈ રહ્યા છે તેમને જૂના અને નવા સંસદ ભવનમાં હાજર રહેવાની તક મળી. આ બધા સાથી આઝાદીના અમૃતકાળના નેતૃત્વના સાક્ષી બનીને જઈ રહ્યા છે.

### યુપીએની સરખામણીએ મોદી સરકારની કામગીરી દર્શાવશે

# નિર્મલા સિતારમણે ભારતીય અર્થવ્યવસ્થા પર શ્વેતપત્ર રજૂ કર્યું

## કેન્દ્ર સરકાર તેના કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા સકારાત્મક પગલાઓ વિશે પણ જણાવશે

નવી દિલ્હી, તા.૮

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં ભારતીય અર્થવ્યવસ્થા પર શ્વેત પત્ર રજૂ કર્યું છે. જેમાં કોંગ્રેસની યુપીએ સરકારની સરખામણીમાં મોદી સરકારની કામગીરી દર્શાવવામાં આવશે. બજેટ ભાષણ દરમિયાન નાણામંત્રીએ કહ્યું હતું કે, મોદી સરકારના સત્તામાં આવ્યા પહેલા દેશ આર્થિક સંકટમાં હતો. દેશની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે મોદી સરકારે ઘણી મહેનત કરી છે.

શ્વેત પેપર દ્વારા યુપીએ અને એનડીએ સરકારના કાર્યકાળ દરમિયાન થયેલા કામની સરખામણી કરવામાં આવશે. સરકાર તેના કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા સકારાત્મક પગલાઓ વિશે પણ જણાવશે. શ્વેત પેપર એક એવો અહેવાલ છે, જેના દ્વારા સરકારની ઉપલબ્ધિઓ જણાવવામાં આવે છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ 'બ્લેક પેપર' રજૂ કરતાં ઘણાં મુદ્દાઓ પર ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે મોદી સરકાર વર્તમાન સમયની વાત નથી કરતી અને તે ભૂતકાળમાં જઈને કોંગ્રેસના શાસનની વાતો કરે છે. પરંતુ તેણે આજના સમયમાં જે મોંઘવારી છે તેની વાત કરવી જોઈએ. મોદીએ હાલમાં ફુગાવાને કન્ટ્રોલ કરવા કેવા પગલાં ભર્યા તેના વિશે જણાવવું જોઈએ. તેમણે ઈન્દિરા ગાંધી અને નહેરુના સમયકાળની વાતો કરવાનું ટાળવું જોઈએ. તેમની સાથે તુલના ન થઈ શકે.

### દિલ્હીમાં ખેડૂતો પોતાની માગને લઈને સંસદ ભવન તરફ કૂચ

# દિલ્હી-નોઈડા સરહદ પર ખેડૂત-પોલીસ વચ્ચે ઘર્ષણ

## દલિત પ્રેરણા સ્થળના મુખ્ય દ્વાર પર ભારે બેરિકેડ લગાવીને મોટી સંખ્યામાં પોલીસ દળો દ્વારા ખેડૂતોને અટકાવાયા

નવી દિલ્હી, તા.૮

દિલ્હીમાં ખેડૂતો પોતાની માગને લઈને સંસદ ભવન તરફ કૂચ કરી છે. તેને ધ્યાનમાં રાખીને નોઈડામાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. ખેડૂતો નોઈડામાં મહામાયા ફલાયઓવરથી આગળ વધ્યા હતા. દલિત પ્રેરણા સ્થળના મુખ્ય દ્વાર પર ભારે બેરિકેડ લગાવીને મોટી સંખ્યામાં પોલીસ દળો દ્વારા ખેડૂતોને અટકાવ્યા છે. ખેડૂતો પણ હડતાળ પર બેઠા છે અને દિલ્હી જવાની માગ પર અડગ છે. જો કે, હડતાળ પર બેઠેલા ખેડૂતોની પોલીસે અટકાયત કરી હતી.

ખેડૂતોએ સંસદ ભવનનો ઘેરાવ કરવાની જાહેરાત કરી હતી. ખેડૂતોની મહાપંચાયત અને દિલ્હી કૂચને ધ્યાનમાં રાખીને ગૌતમ બુદ્ધ નગર પોલીસે ટ્રાફિક એડવાઈઝરી જાહેર કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, 'કેટલીક જગ્યાએ રૂટ ડાયવર્ઝન કરવામાં આવ્યું છે. દિલ્હી અને નોઈડાને જોડતા રસ્તાઓ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે.' ખેડૂતો ગ્રેટર નોઈડા ઓથોરિટીની બહાર ઘણાં દિવસોથી દેખાવ કરી રહ્યા છે. તેઓએ ગુરુવારે ઘેરાબંધીની તૈયારી કરી લીધી છે. ખેડૂતોએ કહ્યું હતું કે, 'દિલ્હી કૂચમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને વૃદ્ધો પણ જોડાશે.'ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિ અનુસાર, 'મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (એમએસપી) માટેની કાયદાકીય ગેરંટી ઉપરાંત, ખેડૂતો સ્વામીનાથન કમિશનની ભલામણો લાગુ કરવા, ખેડૂતો અને ખેતમજૂરો માટે પેન્શન, ખેડૂતોની લોન માફી, પોલીસ કેસ પાછા ખેંચવાની અને લખીમપુર ખેરી હિંસાના પીડિતો માટે ન્યાયની માગ કરવામાં આવી છે.'

### ઈ-કોમર્સ કંપનીઓ માટે મોટો પડકાર

# સરકારી રાશનની દુકાનો કન્ઝ્યુમર ડ્યુરેબલ પ્રોડક્ટસ ઓન લાઈન વેચશે

## ઓએનડીસીપર પીડીએસ દુકાનો દ્વારા કન્ઝ્યુમર ડ્યુરેબલ પ્રોડક્ટ્સને ઓનલાઈન વેચવાની યોજનાનું પરીક્ષણ કરી રહી છે

નવી દિલ્હી, તા.૮

આગામી દિવસોમાં ઈ-કોમર્સ કંપનીઓને પીડીએસ દુકાનોની આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. જે માટે સરકારે નવી યોજના બનાવી છે. સરકાર તપાસ કરી રહી છે કે શું સરકારી રાશનની દુકાનો એટલે કે પીડીએસની દુકાનો કન્ઝ્યુમર ડ્યુરેબલ પ્રોડક્ટ્સ ઓનલાઈન વેચી શકે છે. ઓએનડીસીએ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ઈ-કોમર્સ પ્લેટફોર્મ છે. એક સમાચારપત્રના અહેવાલ મુજબ કેન્દ્ર સરકાર ઓએનડીસીપર પીડીએસ દુકાનો દ્વારા કન્ઝ્યુમર ડ્યુરેબલ પ્રોડક્ટ્સને ઓનલાઈન વેચવાની યોજનાનું પરીક્ષણ કરી રહી છે. ઓએનડીસીએ ઈ-કોમર્સના યુપીઆઈતરીકે ઓળખાય છે. તેનો હેતુ ઈ-કોમર્સમાં ખાનગી કંપનીઓનું વર્ચસ્વ ખતમ કરવાનો છે.

પીડીએસ દુકાનો એટલે કે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સરકાર હાલ રાશન એટલે કે અનાજ અને અન્ય ચીજવસ્તુઓ વેચે છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે હવે પીડીએસ દુકાનો દ્વારા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સનાં વેચાણનું પરીક્ષણ શરૂ કર્યું છે. આ પરીક્ષણ હિમાચલ પ્રદેશના ઉના અને હમીરપુર જિલ્લામાંથી શરૂ કરવામાં આવ્યું છે.જો કેન્દ્ર સરકારનું આ પરીક્ષણ સફળ થશે તો આવનાર દિવસોમાં પીડીએસની દુકાનોમાંથી લોકો ઓનલાઈન ટૂથબ્રશ, સાબુ અને શેમ્પૂ જેવા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સામાન ખરીદી શકશે. તેમજ ઓએનડીસીઅને પીડીએસ દુકાનોની આ ભાગીદારી ઈ-કોમર્સ કંપનીઓ માટે મોટો પડકાર સાબિત થઈ શકે છે.અહેવાલ મુજબ, આ યોજનાની શરૂઆત ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ ૧૧ વાજબી ભાવની દુકાનોથી કરી છે. પરીક્ષણના સફળ પરિણામો પછી, આ યોજનાને પહેલા સમગ્ર હિમાચલ પ્રદેશમાં લાગુ કરવામાં આવશે અને બાદમાં તેને સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવશે.

### શ્વેતપત્રની પરંપરા ૧૯૨૨માં બ્રિટિશ સરકારે શરૂ કરી હતી

# યુપીએ શાસન દરમિયાન આર્થિક ગેરવહીવટ પર શ્વેતપત્ર બહાર પડાયું

## શ્વેતપત્રમાં સરકાર દેશની અર્થવ્યવસ્થા પર ૨૦૧૪ પહેલા લીધેલા આર્થિક નિર્ણયોની હાનિકારક અસરો વિશે વિગતવાર જણાવશે

નવી દિલ્હી, તા.૮

સંસદના વર્તમાન બજેટ સત્ર દરમિયાન, સરકાર સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) શાસન દરમિયાન આર્થિક ગેરવહીવટ પર શ્વેતપત્ર બહાર પાડ્યું છે. આ શ્વેતપત્રમાં સરકાર દેશની અર્થવ્યવસ્થા પર ૨૦૧૪ પહેલા લીધેલા આર્થિક નિર્ણયોની હાનિકારક અસરો વિશે વિગતવાર જણાવશે. કેન્દ્ર સરકાર આ શ્વેતપત્ર ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ એટલે કે રવિવારે લાવી શકે છે. સંસદના બજેટ સત્રનો આ છેલ્લો દિવસ હશે. પ્રથમ બજેટ સત્ર ૯ ફેબ્રુઆરીએ પૂરું થવાનું હતું, પરંતુ તેને એક દિવસ લંબાવવામાં આવ્યું છે. શ્વેતપત્ર ક્યારે રજૂ કરવામાં આવ્યું હતું, તેનો અર્થ શું છે અને તેનો ઉપયોગ શા માટે થાય છે? એ જાણીએ. ૧૦૨ વર્ષ પહેલા એટલે કે ૧૯૨૨ માં શ્વેતપત્રની પરંપરા બ્રિટીશ સરકારે શરુ કરી હતી. શ્વેતપત્ર એક સરકાર, કંપની કે બિન-લાભકારી સંસ્થા દ્વારા ઉકેલ, ઉત્પાદન અથવા સેવાની વિશેષતાઓને પ્રોત્સાહન આપવા પ્રકાશિત કરવામાં આવેલ માહિતી દસ્તાવેજ છે. શ્વેતપત્રોનો ઉપયોગ જાહેર અભિપ્રાયનું મૂલ્યાંકન કરવાની તેમજ સરકારી નીતિઓ અને કાયદાઓ રજૂ કરવાની પદ્ધતિ તરીકે થાય છે. શ્વેતપત્ર કોઈપણ વિષય પર પ્રાપ્ત માહિતી અથવા સર્વેક્ષણનો એક ભાગ છે. સરકારની સાથે કોઈપણ સંસ્થા કે કંપની દ્વારા શ્વેતપત્ર જાહેર કરી શકાય છે. શ્વેતપત્રમાં તેના ગ્રાહકો કર્મચારીઓ અથવા જનતાને તેની પ્રોડક્ટ વિશે વિગતવાર માહિતી આપવામાં આવે છે. આ સાથે ઘણી સંસ્થાઓ તેમના દ્વારા રજૂ કરાયેલી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે શ્વેતપત્રો બહાર પાડે છે. આ રીતે માહિતી સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં આવે છે. આર્થિક બાબતોને લગતા શ્વેતપત્રોમાં સરકાર અથવા કોઈપણ સંસ્થાની ખામીઓ, તેની સંબંધિત આડઅસરો અને સુધારા માટેના સૂચનો જેવા વિષયો હોય છે. જ્યારે ઉત્પાદન/ટેક્નોલોજી સંબંધિત શ્વેતપત્રમાં તેના વિશેની માહિતી હોય છે. તેમના તાજેતરમાં રજૂ કરાયેલા વચગાળાના બજેટ ૨૦૨૪માં, નાણામંત્રી નિર્મલા સીતારમણે યુપીએ સરકાર દરમિયાન લેવામાં આવેલા આર્થિક નિર્ણયો અને દેશ પર તેની પ્રતિકૂળ અસરો અંગે શ્વેતપત્ર લાવવાની જાહેરાત કરી હતી. નાણામંત્રીએ તેમના વચગાળાના બજેટ ભાષણમાં કહ્યું હતુ કે જ્યારે આ સરકારે વર્ષ ૨૦૧૪ માં સત્તા સંભાળી ત્યારે અર્થવ્યવસ્થાને અને ગવર્નન્સ સિસ્ટમને તબક્કાવાર સુધારવાની જવાબદારી ખૂબ મોટી હતી. લોકોને આશાનું કિરણ પૂરું પાડવું, રોકાણ આકર્ષવું અને સુધારા માટે ખૂબ જ જરૂરી સમર્થન મેળવવું એ સમયની જરૂરિયાત હતી. જે સરકારે સફળતાપૂર્વક હાંસલ કરી છે. તેમજ નાણામંત્રીએ શ્વેતપત્ર રજૂ કરવા બાબતે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ માં દેશ ક્યાં હતો અને અત્યારે ક્યાં છે. તેમજ શ્વેતપત્રનો હેતુ તે વર્ષોના ગેરવહીવટમાંથી પાઠ શીખવાનો છે.

### એનજેસીએના અધિકારીઓની બેઠકમાં નિર્ણય લેવાયો

# જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા કેન્દ્રને છ સપ્તાહનું અલ્ટિમેટમ

## જો આ સમયગાળાની અંદર નિર્ણય નહીં લેવાય તો દેશભરમાં અનિશ્ચિતકાળની હડતાલ શરૂ કરવાની ચિમકી

નવી દિલ્હી, તા.૮

કેન્દ્રીય કર્મચારીઓ એ દેશમાં જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા કેન્દ્ર સરકારને છ અઠવાડિયાનું અલ્ટિમેટમ આપ્યું છે. જો આ સમયગાળાની અંદર નિર્ણય નહીં લેવાય તો દેશભરમાં અનિશ્ચિતકાળની હડતાલ શરૂ કરવાની ચિમકી આપી છે.

આજે નવી દિલ્હીમાં યોજાયેલી નેશનલ જોઈન્ટ કાઉન્સિલ ઑફ એક્શન (એનજેસીએ)ના અધિકારીઓની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. એનજેસીએના સંયોજક શિવગોપાલ મિશ્રાએ બેઠકની અધ્યક્ષતા કરી છે. બેઠકમાં જણાવાયું કે, અનિશ્ચિતકાળ માટેની હડતાળની નોટિસ આપવા અને હડતાળની તારીખ જાહેર કરવા બે દિવસની અંદર કમિટીની રચના કરાશે.

કેન્દ્રીય તેમજ વિવિધ રાજ્ય સરકારોના કર્મચારીઓ જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવા ગત વર્ષથી આંદોલન કરી રહ્યા છે. આ માટે ગત વર્ષે ચાર રેલી પણ યોજી હતી. કર્મચારી સંગઠનોએ સરકાર સમક્ષ વાત પહોંચાડવા વિવિધ પ્રયાસો કર્યા છે.

ઓપીએસ માટે રચાયેલી એઆઈડીઈએફના સંચાલન સમિતિના વરિષ્ઠ સભ્ય અને એઆઈડીઈએફના મહાસચિવ સી.શ્રીકુમારે કહ્યું કે, લોકસભા ચૂંટણી પહેલા ઓપીએસ લાગુ કરવામાં નહીં આવે તો ભાજપે ગંભીર પરિણામ ભોગવવું પડશે. કર્મચારીઓ, પેન્શનરો અને તેમના સંબંધીઓ થઈ આ સંખ્યા ૧૦ કરોડને પાર પહોંચે છે. આ સંખ્યા ચૂંટણીમાં ઉલટફેર કરવા માટે નિર્ણાયક છે.

શ્રીકુમારે કહ્યું કે, દેશના બે મોટા કર્મચારી સંગઠન રેલવે અને સંરક્ષણ (સિવિલ) દ્વારા અનિશ્ચિતકાળ હડતાળ માટે સહમતી આપી દીધી છે. રેલવેના ૧૧ લાખ કર્મચારીમાંથી ૯૬ ટકા કર્મચારી અનિશ્ચિતકાળ સુધી હડતાળ પર જવા તૈયાર છે. આ ઉપરાંત સંરક્ષણ વિભાગ (સિવિલ)ના ચાર લાખ કર્મચારીમાંથી ૯૭ ટકા કર્મચારીએ પણ હડતાળને સમર્થન આપ્યું છે. સ્ટ્રાઈક બેલેટ હેઠળ ૪૦૦ ડિફેન્સ યુનિટ, ૭૩૪૯ રેલવે સ્ટેશન, વિભાગીય અને ઝોનલ કચેરી, ૪૨ રેલવે વર્કશૉપ અને સાત રેલવે પ્રોડક્શન યુનિટ પર ૨૦ અને ૨૧ નવેમ્બરે વોટ નાખવામાં આવ્યા હતા. ઓપીએસ મુદ્દે વિવિધ કેન્દ્રીય કર્મચારી સંગઠનો તેમજ રાજ્યોના એસોસિએશન પણ એક સાથે આવી ગયા છે.

### કેન્દ્ર સરકાર યુપીએ શાસનના ૧૦ વર્ષ પર શ્વેત પત્ર

# ભાજપ સરકારના ૧૦ વર્ષ પર કોંગ્રેસ દ્વારા બ્લેક પેપર લવાયું

## ખડગેએ આ બ્લેક પેપર રજૂ કર્યો હતો, તેમણે આ દરમિયાન મોદી સરકારની ગેરન્ટીઓ, મોંઘવારી, ખેડૂતો વગેરેના મુદ્દાઓને ઊઠાવ્યાં

નવી દિલ્હી, તા.૮

સંસદના બજેટ સત્રમાં કેન્દ્ર સરકાર યુપીએના ૧૦ વર્ષના શાસન સામે શ્વેત પેપર લાવવા જઈ રહી છે ત્યારે જેના જવાબમાં કોંગ્રેસ પાર્ટી હવે ભાજપ સરકારના ૧૦ વર્ષના શાસન સામે બ્લેક પેપર લાવી છે. ખડગેએ આ બ્લેક પેપર રજૂ કર્યો હતો. તેમણે આ દરમિયાન મોદી સરકારની ગેરન્ટીઓ, મોંઘવારી, ખેડૂતો વગેરેના મુદ્દાઓને ઊઠાવ્યાં હતાં. તેમણે આ દરમિયાન મોદી સરકારના ૧૦ વર્ષના શાસનને અન્યાય કાળ ગણાવતાં કહ્યું કે કેન્દ્રની મોદી સરકાર ક્યારેય સત્ય જણાવતી નથી. એમએસપીની ગેરન્ટી આપી હતી જે આજ સુધી પૂરી થઈ નથી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ 'બ્લેક પેપર' રજૂ કરતાં ઘણાં મુદ્દાઓ પર ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે મોદી સરકાર વર્તમાન સમયની વાત નથી કરતી અને તે ભૂતકાળમાં જઈને કોંગ્રેસના શાસનની વાતો કરે છે. પરંતુ તેણે આજના સમયમાં જે મોંઘવારી છે તેની વાત કરવી જોઈએ. મોદીએ હાલમાં ફુગાવાને કન્ટ્રોલ કરવા કેવા પગલાં ભર્યા તેના વિશે જણાવવું જોઈએ. તેમણે ઈન્દિરા ગાંધી અને નહેરુના સમયકાળની વાતો કરવાનું ટાળવું જોઈએ. તેમની સાથે તુલના ન થઈ શકે. કેન્દ્રની મોદી સરકારે ૧ ફેબ્રુઆરીએ રજૂ કરેલા કેન્દ્રીય બજેટમાં જાહેરાત કરી હતી કે તે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારના ૧૦ વર્ષના આર્થિક પ્રદર્શનની તુલનાએ ભાજપના ૧૦ વર્ષના આર્થિક પ્રદર્શનને રજૂ કરતો 'વ્હાઈટ પેપર' લાવશે. આજે ફરી સંસદમાં ફરી સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે હોબાળાની શક્યતા છે. ખડગેએ મોદી સરકાર પર મોટો આરોપ મૂકતાં કહ્યું કે ઉદ્યોગપતિઓ, નેતાઓ સામે તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરીને હેરાનગતિ કરીને ચૂંટણી માટે ફંડ એકત્રિત કરવામાં આવી રહ્યા છે. મોદી સરકાર ઈડી, સીબીઆઈ, આઈટી અને અન્ય તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. ખડગેએ બ્લેક પેપર વાંચતા કહ્યું કે મોદી સરકાર કહે છે કે અમને પ્રજાનો સપોર્ટ છે. તો પછી શા માટે તમારે બીજા રાજ્યોમાં સરકારોને પાડીને તમારી સરકાર બનાવવાની ફરજ પડે છે. શા માટે અન્ય રાજકીય પક્ષોની સરકારોને અસ્થિર કરો છો અને તેમને શાસન કરવા નથી દેતા અને એકલા પાડી દો છો. બ્લેક પેપર રજૂ કરવાની સાથે ખડગેએ કહ્યું કે જ્યારે પણ મોદી સંસદમાં બોલે છે ત્યારે પોતાની અને સરકારની નિષ્ફળતાઓને છુપાવે છે. જ્યારે પણ અમે તેમની સરકારની નિષ્ફળતાઓ વિશે જણાવીએ છીએ તો તેને મહત્ત્વ નથી અપાતું. એટલા માટે અમે બ્લેક પેપર રજૂ કરીને લોકોને મોદી સરકારની નિષ્ફળતાઓથી વાકેફ કરાવવાનો નિર્ણય લીધો.

### ખેડૂતોને પડ્યા પર પાટૂ જેવી સ્થિતિ ફરી એકવાર પેદા થઇ

# માર્કેટિંગ યાર્ડમાં મરચાંના ભાવમાં જોરદાર ઘટાડો નોંધાયો

## આ પહેલા મરચાંનો ભાવ ૫૦૦૦ થી ૬૦૦૦ સુધીનો હતો, તે ઘટીને ૨૦૦૦ થી ૩૦૦૦ સુધીનો થઇ ગયો છે

રાજકોટ, તા.૮

રાજકોટમાં ફરી એકવાર ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે. ડુંગળી પકવતાં ખેડૂતો બાદ હવે મરચાંના ખેડૂતો રડી રહ્યાં છે. હાલમાં ગોંડલ બાદ રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં મરચાંની મોટા પ્રમાણમાં આવકો થઈ રહી છે, પરંતુ ભાવોમાં ગયા વર્ષ કરતાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે, આ ઘટતા ભાવોને લઇને ખેડૂતોમાં રોષ ફેલાયો છે. આ પહેલા ડુંગળીના ખેડૂતોની સાથે પણ આ જ સ્થિતિ ઉભી થઈ હતી. હાલમાં રાજકોટમાં એક જ દિવસમાં ૧૨,૫૦૦ ભારી કરતાં વધારે મરચાંની આવકો થઈ રહી છે. દેશી મરચા કરતા હવે રાજકોટ અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સાનિયા, રેવા ૭૦૨ મરચાંની પુષ્કળ આવકો થઈ છે. ગયા વર્ષે યાર્ડમાં એક મણ મરચાંના ૫૦૦૦ થી ૬૦૦૦ ભાવ હતા, તે આ વર્ષે ૫૦ ટકા ઘટ્યા છે. હાલમાં ૨૦૦૦ થી ૩૨૦૦ રૂપિયા ખેડૂતોને એક મણના ભાવ મળી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ગોંડલ સહિતના વિસ્તારોમાં મરચાંનું વાવેતર થાય છે. રાજકોટ જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં પણ મરચાંનું વાવેતર છે.

રાજકોટ જિલ્લાના ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાની મબલખ આવક થઈ. મરચાની ૮૫ હજાર ભારીની આવકથી યાર્ડ ઉભરાયું હતું. યાર્ડ બહાર મરચાં ભરેલા ૧૭૦૦ થી ૧૮૦૦ વાહનોની લાંબી કતાર જોવા મળી છે. અમુક ખેડૂતો તો લુપ્ત થતા બળદગાડામાં મરચાં વેચવા માટે યાર્ડમાં આવ્યા હતા. ગગડતી બજાર વચ્ચે હરાજીમાં મરચાંના ૨૦ કિલોના ભાવ એક હજારથી ત્રણ હજાર ૩૦૦ સુધી બોલાયા હતા. અત્યાર સુધીમાં મરચાંના ભાવમાં રૂપિયા બે હજારનો ઘટાડો નોંધાયો છે. ડુંગળીની નિકાસ પર સરકાર દ્વારા પ્રતિબંધ લગાવાતા ખેડૂતોને ભાવ નથી મળી રહ્યા તો બીજી બાજુ ગ્રાહકો લૂંટાઈ રહ્યા છે. ડુંગળીના ભાવ તળિયા આવી જતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. તો બીજી તરફ ગ્રાહકો બજારમાંથી મોંઘા ભાવે ડુંગળી ખરીદવા મજબૂર બન્યા છે. નિકાસબંધી બાદ ડુંગળીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ખેડૂતો એક કિલો ડુંગળી માત્ર પાંચ રૂપિયામાં વેંચી રહ્યા છે. પરંતુ તે જ ડુંગળી જ્યારે ખુલ્લા બજારમાં આવે છે. ત્યારે ગ્રાહકોને પ્રતિ કિલોએ ૪૦ રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે. એટલે કે એક કિલો ડુંગળીમાં વેપારીઓના ખિસ્સામાં ૩૫ રૂપિયા જાય છે.

ખેડૂતોનું કહેવું છે કે ડુંગળી નિકાસબંધી પહેલા ૭૦૦થી ૮૦૦ રૂપિયે મણ વેચાતી હતી. પરંતુ તેના હવે ૧૦૦ રૂપિયા પણ મળી રહ્યા નથી પરંતુ નફાખોરી કરીને છુટક બજારમાં વેપારીઓ ઉંચા બાવ લઈ રહ્યા છે. ખેડૂતોની માગ છે કે સરકાર નિકાબંધી ઉઠાવી લે અથવા તો રાજ્ય સરકાર પોષણક્ષમ ભાવ આપે.

### ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના એક સંશોધનમાં જાણવા મળ્યું

# ૬૦ ટકા ભારતીય બાળકો મગજની ઈજાને કારણે મૃત્યુ પામે છે

## આ સ્થિતિ સાથે જન્મેલા શિશુઓમાં મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ HIE છે, જે દર વર્ષે આશરે 3 મિલિયનને અસર કરે છે

નવી દિલ્હી, તા.૮

એક સંશોધનમાં સામે આવ્યું છે કે ૬૦ ટકા ભારતીય બાળકો મગજની ઈજાને કારણે મૃત્યુ પામે છે. હવે આ સંશોધનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે સામાન્ય રક્ત પરીક્ષણ દ્વારા ઈજાને સરળતાથી શોધી શકાય છે. તેમજ ઈજા પાછળનું કારણ પણ જાણી શકાશે. તે ભારતમાં જીવલેણ રોગના દરજ્જે પહોંચી રહ્યું છે. આ સંશોધનમાં ઘણા કારણો સૂચવવામાં આવ્યા છે, જેમાંથી એક હાયપોક્સિક-ઈસ્કેમિક એન્સેફાલોપથી છે.

આ પ્રકારની મગજની ઈજા ત્યારે થાય છે જ્યારે બાળકને જન્મ પહેલાં અથવા તરત જ પૂરતો ઓક્સિજન મળતો નથી. જેટલું તેમને મળવું જોઈએ. આ સ્થિતિ સાથે જન્મેલા શિશુઓમાં મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ HIE છે, જે દર વર્ષે આશરે ૩ મિલિયનને અસર કરે છે. ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના સંશોધકોએ જનીન અભિવ્યક્તિની પેટર્ન શોધી કાઢી હતી જે લોહીમાં શોધી શકાય છે. ઈજાનું કારણ સૂચવી શકે છે અને ડોકટરોને કહી શકે છે કે શું નવજાતની સારવાર કરી શકાય છે. સંશોધકોએ જણાવ્યું હતું કે ઓક્સિજનની અછતને કારણે મગજની ઈજા કલાકોથી મહિનાઓ સુધી પ્રગતિ કરી શકે છે અને મગજના વિવિધ ભાગોને અસર કરી શકે છે. જે માથાનો દુખાવો, વાઈ, બહેરાશ અથવા અંધત્વ જેવી વિવિધ સંભવિત ન્યુરોડિસેબિલિટીમાં પરિણમી શકે છે.આ સંશોધન વધુમાં જણાવે છે કે આ રોગનો ભાર દક્ષિણ એશિયા અને ખાસ કરીને ભારતમાં સૌથી વધુ છે. વિશ્વમાં HIE સંબંધિત તમામ મૃત્યુમાં આ દેશનો હિસ્સો ૬૦ ટકા છે. ઈમ્પીરીયલ કોલેજ લંડન, યુકેના સંશોધકોએ જનીન અભિવ્યક્તિની પેટર્ન શોધી કાઢી હતી જે લોહીમાં શોધી શકાય છે. ઈજાનું કારણ સૂચવી શકે છે અને ડોકટરોને કહી શકે છે કે શું નવજાતની સારવાર કરી શકાય છે. સારવારને પ્રતિસાદ આપી શકે છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે મગજની ઈજાની સારવાર માટે થાય છે. JAMA નેટવર્ક ઓપન જર્નલમાં પ્રકાશિત, એક સરળ પરીક્ષણ નવજાત શિશુમાં મગજની ઈજાના પ્રારંભિક નિદાન તરફ દોરી શકે છે અને સારવારના નિર્ણયોમાં મદદ કરી શકે છે. અભ્યાસમાં ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો તેમજ ઉચ્ચ આવક ધરાવતા દેશો ના બાળકોનો સમાવેશ થાય છે.

### ભાજપ ફરી કરશે નવાજૂની?

# સપા અને રાષ્ટ્રીય લોકદળનું ગઠબંધન તૂટવાની કગાર પર

## RLD ના મુખ્ય નેતા જયંત ચૌધરી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા પ્રેસ કોન્ફરન્સ કરીને ગઠબંધનની જાહેરાત કરશે

ઉત્તરપ્રદેશ, તા.૮

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય લોકદળનું ગઠબંધન તૂટવાની કગાર પર છે. આગામી બે દિવસમાં રાષ્ટ્રીય લોકદળ દ્ગઢછનો હિસ્સો બની જશે. માનવામાં આવી રહ્યું છે કે, ઈન્ઢ ના મુખ્ય નેતા જયંત ચૌધરી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા પ્રેસ કોન્ફરન્સ કરીને ગઠબંધનની જાહેરાત કરશે.

રાષ્ટ્રીય લોકદળ પાર્ટીએ ભાજપ પાસેથી ૫ લોકસભા સીટની માંગ કરી છે. ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય લોકદળ પાર્ટીને મથુરા, બાગપત, અમરોહા અને કૈરોનાની ઓફર આપી હતી. રાષ્ટ્રીય લોકદળ પાર્ટી મુઝ્ઝફરનગર સીટની માંગ કરી છે, ભાજપે આ સીટ આપવાની ના પાડી હતી. આ સીટના કારણે ગઠબંધનનો પેંચ ફસાયો હતો. સંજીવ બાલિયાન મુઝ્ઝફરનગર સીટથી ભાજપ સાંસદ છે અને હાલમાં કેન્દ્ર સરકારમાં રાજ્યમંત્રી છે. ભાજપે આ સીટ પર સમજૂતી કરવાની ના પાડી દીધી હતી. ભાજપ રાષ્ટ્રીય લોકદળ પાર્ટીને ઉત્તરપ્રદેશમાં એક રાજ્યસભા સીટ આપવા માટે તૈયાર છે, પણ એક લોકસભા સીટ ઓછી કરી દીધી છે. જયંત ચૌધરીએ ભાજપ હાઈકમાન સાથે વાત કર્યા પછી આ ફોર્મ્યુલા નક્કી કર્યો છે.

જેથી ભાજપ ઉત્તરપ્રદેશમાં લોકદળને ૩ લોકસભા સીટ આપશે. ઉપરાંત ઉત્તરપ્રદેશમાં ૧૦ રાજ્યસભા સીટ બાકી છે, જેમાંથી ભાજપની ૭ સીટ પર જીત નક્કી છે. ભાજપ તેની પાર્ટીના ૬ ઉમેદવાર રાજ્યસભા મોકલશે અને સમજૂતી અનુસાર રાજ્યસભાની એક સીટ લોકદળના ખાતામાં આવશે.

રાષ્ટ્રીય લોકદળ પાર્ટી પાસે ઉત્તરપ્રદેશમાં એકપણ સાંસદ નથી, પણ પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં મજબૂત જન આધાર છે. ભાજપ લોકદળ પાર્ટીની મદદથી બહોળી સફળતા મેળવી શકે છે. જયંત ચૌધરી દ્ગઢછમાં શામેલ થતા સમાજવાદી પાર્ટી અને ઈન્ડિયા ગઠબંધનને મોટો ફટકો પડી શકે છે. મુઝ્ઝફરનગરમાં દંગા પછી જાટ સમુદાય સમાજવાદી પાર્ટીથી નારાજ છે, જેથી આ સમુદાય ભાજપ અથવા રાષ્ટ્રીય લોકદળ સાથે આવી શકે છે. જયંત ચૌધરી ભાજપમાં જતા ભાજપને સફળતા મળશે અને સપાને નુકસાન થશે.

### ઈંગ્લેન્ડ સામે પેસરનો શાનદાર દેખાવ

# બુમરાહની ઈન્સ્ટાગ્રામની પોસ્ટથી લોકો મૂંઝવણમાં

## જસપ્રિત બુમરાહે તે પ્રશંસકો પર નિશાન સાધ્યું છે જેઓ ખરાબ સમયમાં તેની સાથે ઉભા નથી રહ્યા

નવી દિલ્હી, તા.૮

ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઈંગ્લેન્ડ સામેના શાનદાર પ્રદર્શન બાદ વિશ્વનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ બોલર બની ગયો છે. આઈસીસીએ ગઈકાલે ટેસ્ટ રેંકિંગ જાહેર કરી હતી જેમાં બુમરાહ નંબર-૧ ટેસ્ટ બોલર બન્યો હતો. પરંતુ રેંકિંગ જાહેર થયા બાદ બુમરાહે ઈન્સ્ટાગ્રામ પર કંઈક એવું પોસ્ટ કર્યું, જેણે બધાને મૂંઝવણમાં મૂકી દીધા અને બધા પૂછવા લાગ્યા કે બુમરાહ કોના પર નિશાન સાધી રહ્યો છે.

જસપ્રીત બુમરાહે એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી હતી, જેમાં બુમરાહે તે પ્રશંસકો પર નિશાન સાધ્યું છે જેઓ ખરાબ સમયમાં તેની સાથે ઉભા નથી રહ્યા. બુમરાહની આ પોસ્ટને કટાક્ષ તરીકે જોવામાં આવી રહી છે. કારણ કે જસપ્રીત બુમરાહને થોડા સમય પહેલા ખૂબ ટ્રોલ કરવામાં આવ્યો હતો, જ્યારે તે ઈજામાંથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે, સોશિયલ મીડિયા પર એવા મીમ્સ બનાવવામાં આવ્યા હતા કે બુમરાહ ફક્ત ઁ- દરમિયાન જ ફિટ હોય છે, બાકીનો સમય તે ઈજાથી પીડાય છે અને તેથી તે ભારતીય ટીમ માટે નથી રમી રહ્યો. હવે જ્યારે જસપ્રીત બુમરાહ ઈજામાંથી વાપસી કરીને ભારતીય ટીમ માટે શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે અને ત્રણેય ફોર્મેટમાં નંબર ૧ બનનાર ભારતનો પ્રથમ ફાસ્ટ બોલર બની ગયો છે. ત્યારે બુમરાહના દરેક જગ્યાએ વખાણ થઈ રહ્યા છે અને તેને ભારતનો સર્વશ્રેષ્ઠ ફાસ્ટ બોલર ગણાવવામાં આવી રહ્યો છે, આવી સ્થિતિમાં કદાચ બુમરાહ દિલથી દુખી છે.

ઈંગ્લેન્ડ સામે રમાયેલી પ્રથમ બે ટેસ્ટ મેચમાં જસપ્રીત બુમરાહે ઘાતક બોલિંગ કરતા ૧૫ વિકેટ ઝડપી હતી. આ સાથે એવા સંકેતો પણ મળી રહ્યા છે કે તેને ત્રીજી ટેસ્ટ મેચમાં તેને આરામ નહીં મળે અને તે ટીમ સાથે ઉપલબ્ધ રહેશે. પહેલા માનવામાં આવી રહ્યું હતું કે આ લાંબી ટેસ્ટ સીરિઝ હોવાથી તેને ત્રીજી ટેસ્ટ મેચમાં આરામ મળી શકે છે. પરંતુ આટલા શાનદાર ફોર્મ છતાં જો બુમરાહને આરામ આપવામાં આવે તો તેને ખોટું માનવામાં આવત.

### મરીન કોર્પ્સ એર સ્ટેશન મીરામાર દ્વારા માહિતી અપાઈ

# યુએસ મરીન કોર્પ્સનું હેલિકોપ્ટર ગાયબ, ૫ નૌસૈનિકો સવાર હતા

## હેલિકોપ્ટર કેલિફોર્નિયાથી ઉડાન દરમિયાન ગાયબ થઈ ગયું હતું, આ હેલિકોપ્ટર સીએચ-૫૩ઈસુપર સ્ટેલિયન છે

સાન ડિયાગો, તા.૮

યુએસ મરીન કોર્પ્સનું હેલિકોપ્ટર ગાયબ થયું હોવાના સમાચાર સામે આવ્યા છે. બચાવ ટીમ આ હેલિકોપ્ટરની શોધ કરી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હેલિકોપ્ટર કેલિફોર્નિયાથી ઉડાન દરમિયાન ગાયબ થઈ ગયું હતું. આ હેલિકોપ્ટર સીએચ-૫૩ઈસુપર સ્ટેલિયન છે.

સાન ડિએગો નજીકના મરીન કોર્પ્સ એર સ્ટેશન મીરામાર દ્વારા બુધવારે આ હેલિકોપ્ટર ગાયબ થયાની જાણ કરવામાં આવી હતી. હેલિકોપ્ટરમાં પાંચ મરીન મુસાફરી કરી રહ્યા હતા. હેલિકોપ્ટરે લાસ વેગાસ નજીકના એરબેઝ પરથી ઉડાન ભરી હતી. સાન ડિએગો કાઉન્ટી શેરિફ વિભાગ શોધમાં મદદ કરી રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, સ્થાનિક સમય અનુસાર સવારે ૨:૨૦ વાગ્યે ગુમ થયેલા હેલિકોપ્ટર અંગે ફાયર ફાઈટર્સને એલર્ટ કરવામાં આવ્યા હતા. બચાવ કર્મીને કેલિફોર્નિયાના લેક મરિના નજીકના વિસ્તારમાં મોકલવામાં આવ્યા હતા. જો કે, તેઓને હેલિકોપ્ટર કે તેમાં સવાર મરીન મળ્યા ન હતા.

આ સમગ્ર બચાવ કાર્યમાં સૌથી મોટી સમસ્યા ભારે હિમવર્ષા અને ઠંડી છે. જેના કારણે રેસ્ક્યુ ટીમને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારમાં હિમવર્ષા વચ્ચે આ ઘટના બની છે. પહાડી વિસ્તારોમાં પણ ભારે વરસાદ અને કેટલાક ઈંચ હિમવર્ષાના અહેવાલ છે. આ કારણે રેસ્ક્યું ખૂબ જ મુશ્કેલ બની રહ્યું છે.

નોંધનીય છે કે આ હેલિકોપ્ટરને સૌથી પહેલા ૧૯૮૧માં શરુ કરવામાં આવ્યું હતું. સીએચ-૫૩ઈસુપર સ્ટેલિયનને મરીન કોર્પ્સનો મુખ્ય આધાર માનવામાં આવે છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ પરિવહન માટે થતો હોવા છતાં, તેણે ઘણા મિશનમાં પણ મોટી ભૂમિકા ભજવી છે. તેમાં ૩૭ જેટલા મુસાફરોને લઈ જવાની ક્ષમતા પણ છે.

### વેલેટ પાર્કિંગના કારણે વાહનચાલકોને વાહન પાર્ક કરવામાં રહેશે સરળતા

# અમદાવાદ એરપોર્ટ પર વેલેટ પાર્કિંગની સુવિધાની શરૂઆત

## મુંબઈમાં વેલેટ પાર્કિંગની સુવિધાને સારો પ્રતિસાદ મળતા અમદાવાદમાં શરૂ કરાઈ સુવિધા

અમદાવાદ, તા.૮

અમદાવાદ એરપોર્ટ પર વાહનો લઈ જતાં લોકો માટે એક મોટા અને સારા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, અમદાવાદ એરપોર્ટ પર વેલેટ પાર્કિંગ સુવિધા શરૂ કરવામાં આવી છે.

હવે તમને થાય કે આ વેલેટ પાર્કિંગ સુવિધા એટલે શું ? મતલબ કે વેલેટ પાર્કિંગમાં જે તે કર્મચારી જ વાહન પાર્ક કરશે અને માલિકને આપી જશે. જોકે વેલેટ પાર્કિંગ માટે ચાર્જ પણ નક્કી કરાયો છે. જેથી હવે વેલેટ પાર્કિંગને કારણે વાહનચાલકોને વાહન પાર્ક કરવામાં સરળતા રહેશે. અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દરરોજ અનેક મુસાફરો આવતા હોય છે. જેમાં કોઈને લેવા અને મૂકવા માટે પણ અનેક લોકો વાહન લઈને આવતા હોય છે. જોકે હવે અમદાવાદ એરપોર્ટ પર વાહનો લઈને જતા લોકો માટે એરપોર્ટ પર વેલેટ પાર્કિંગ સુવિધા શરૂ કરવામાં આવી હતી. વેલેટ પાર્કિંગમાં કર્મચારી જ વાહન પાર્ક કરશે અને માલિકને આપી જશે.

વેલેટ પાર્કિંગ માટે એક કલાકના રૂપિયા ૧૫૦ ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, મુંબઈમાં વેલેટ પાર્કિંગની સુવિધાને સારો પ્રતિસાદ મળતા અમદાવાદમાં સુવિધા શરૂ કરવામાં આવી. જોકે હવે અમદાવાદ એરપોર્ટ વેલેટ પાર્કિંગની સુવિધા ધરાવતું દેશનું ચોથું એરપોર્ટ બન્યું છે.

### દેશનું વચગાળાનું બજેટ રજૂ કર્યા પછી આ પ્રથમ RBI MPCની બેઠક છે

# RBIએ વ્યાજ દરમાં કોઈ ઘટાડો ન કર્યો, સસ્તી લોન માટે રાહ જોવી પડશે

## રેપો રેટ સતત છઠ્ઠી વખત ૬.૫ પર સ્થિર રાખવામાં આવ્યો છે એટલે કે સામાન્ય લોકોને હજુ પણ સસ્તી લોન માટે રાહ જોવી પડશે

નવી દિલ્હી, તા.૮

ભારતીય રિઝર્વ બેંક મોનેટરી પોલિસી કમિટીની બેઠકના પરિણામો જાહેર કર્યા છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે જાણકારી આપી છે. રેપો રેટ સતત છઠ્ઠી વખત ૬.૫ પર સ્થિર રાખવામાં આવ્યો છે. એટલે કે સામાન્ય લોકોને હજુ પણ સસ્તી લોન માટે રાહ જોવી પડશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ છેલ્લે રેપો રેટ વધાર્યો હતો. કેન્દ્રીય બેંકે છેલ્લે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રેપો રેટ વધાર્યો હતો. ત્યારબાદ આરબીઆઈએ તેમાં ૨૫ બેસિસ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકાનો વધારો કરીને ૬.૫ ટકા કર્યો હતો. ત્યારથી, આ દરો સતત છ એમપીસી બેઠકોમાં યથાવત રાખવામાં આવ્યા છે અને આ વખતે પણ તેમાં ફેરફારની શક્યતા ઓછી છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે દેશનું વચગાળાનું બજેટ રજૂ કર્યા પછી આ પ્રથમ RBI MPCની બેઠક છે. નિષ્ણાતો માને છે કે આ બેઠકના પરિણામોની જાહેરાત કરતી વખતે, RBI ગવર્નર શક્તિકાંત દાસ રેપો રેટને સ્થિર રાખી શકે છે, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કેન્દ્રીય બેંક એપ્રિલથી શરૂ થતા નવા નાણાકીય વર્ષ માટે વૃદ્ધિ અને ફુગાવાને નિયંત્રિત કરશે. નોંધનીય છે કે શક્તિકાંત દાસે પહેલેથી જ સંકેત આપ્યા હતા કે આગામી વર્ષમાં વિકાસ દર ૭ ટકાની આસપાસ રહી શકે છે, જ્યારે ફુગાવાનો દર સરેરાશ ૪.૫ ટકાની આસપાસ રહેશે. રેપો રેટ એ દર છે કે જેના પર દેશની મધ્યસ્થ બેંક ભંડોળની અછતના કિસ્સામાં વ્યાપારી બેંકોને નાણાં ધિરાણ આપે છે. રેપો રેટનો ઉપયોગ મોનેટરી ઓથોરિટી દ્વારા ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરવામાં આવે છે. હકીકતમાં, રેપો રેટની અસર સામાન્ય લોકો દ્વારા બેંકોમાંથી લેવામાં આવેલી લોનની EMI પર જોવા મળે છે. જો રેપો રેટમાં ઘટાડો થાય છે તો સામાન્ય લોકોની હોમ અને કાર લોનની EMI ઘટે છે અને જો રેપો રેટ વધે છે તો કાર અને હોમ લોનના ભાવ વધે છે. સામાન્ય રીતે આરબીઆઈની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની સામાન્ય લોકો પર જ અસર થતી નથી પરંતુ શેરબજાર પણ તેના પર ચાંપતી નજર રાખે છે. કેન્દ્રીય બેંક દ્વારા કરવામાં આવેલી જાહેરાતોની અસર ઘણી કંપનીઓ અથવા બેંકિંગ શેરો પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. આ વખતે પણ જોવા મળી શકે છે. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે સેન્ટ્રલ બેંકના નિર્ણયો બજારમાં તેજી લાવે છે કે પછી ઘટાડાનું કારણ બને છે.

### સર્વોદય આંખની હોસ્પિટલની ગંભીર બેદરકારી પ્રકાશમાં આવી

# અમદાવાદના માંડલ બાદ પાટણના રાધનપુરમાં અંધાપાકાંડ

## ૧૩ દર્દીના ઓપરેશન બાદ ૫ દર્દીની દ્રષ્ટિમાં આવી ખામી

રાધનપુર, તા.૮

રાજ્યમાં વધુ એક આંખની હોસ્પિલની ગંભીર બેદરકારીનો આંધાપાકાંડ સામે આવ્યો છે. અમદાવાદના માંડલ બાદ પાટણના રાધનપુરની સર્વોદય આંખની હોસ્પિટલ ગંભીર બેદરકારી પ્રકાશમાં આવી છે. જેમાં ૧૩ દર્દીના ઓપરેશન બાદ ૫ દર્દીની દ્રષ્ટિમાં ગંભીર ખામી સર્જાઈ છે. પાટણના રાધનપુરની સર્વોદય આંખની હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યા બાદ અંધાપાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ૨ મહિલા અને ૩ પુરુષને આંખમાં ચેપ લાગ્યો છે. મોતિયાના ઓપરેશન બાદ દર્દીને અંધાપો આવ્યો છે. જે બાદ દર્દીઓને અમદાવાદ ખાતે અસારવા આંખની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ગઈકાલે ગાંધીનગર અને અસારવા આંખની હોસ્પિટલની ટીમ રાધનપુર ખાતે તપાસમાં પણ ગઈ હતી. જે તપાસમાં ૫ દર્દીઓને આંખમાં તકલીફ હોવાનુ સામે આવ્ય હતુ. અત્રે જણાવીએ કે, ૨ ફેબ્રુઆરીના રોજ મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા. જેમાં ૪૫ વર્ષ અને ૬૫ વર્ષીય રાધનપુરની મહિલાને દ્રષ્ટિમાં ખામી સર્જાઈ છે. ૭૮ વર્ષના સાંતલપુરના પુરુષ, ૭૦ વર્ષના રાધનપુરના પુરુષ અને ૬૫ વર્ષીય કાંકરેજના પુરુષને આંખમાં તકલીફ થઈ છે.

સળગતા સવાલ

શું હોસ્પિટલ તંત્રને દર્દીની દ્રષ્ટિની નથી પરવાહ ?

આંખના ઓપરેશનમાં કેમ આવી બેદરકારી ?

વારંવાર અંધાપાકાંડ બાદ તંત્રની આંખો નથી ઉઘડતી ?

અંધાપાકાંડ માટે કોણ જવાબદાર ?

તંત્ર અંધાપાકાંડમાં કેમ કરે છે આંખ આડા કાન ?

અમરેલી, માંડલ બાદ રાધનપુરમાં અંધાપાકાંડ ?

રાજ્યમાં ક્યારે થશે અંધાપાકાંડ બંધ ?

### કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રીની જાહેરાત

# આચારસંહિતા પહેલાં જ જીપીએસ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરી દેવાશે

## નવી જીપીએસ આધારિત ટોલ સિસ્ટમ આવી જવાથી લોકોએ રોકવાની જરૂર નહીં પડે અને નંબર પ્લેટના ફોટા પરથી ટોલ વસૂલ કરી લેવાશે

નવી દિલ્હી, તા.૮

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ એક મોટું નિવેદન આપતાં કહ્યું કે આગામી લોકસભા ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા લાગુ થાય તે પહેલા જ દેશમાં સેટેલાઈટ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરી દેવાશે. એવું મનાય છે કે આગામી લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા માર્ચના પ્રથમ સપ્તાહમાં લાગુ થઈ જશે.રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અમે સંસદને ખાતરી આપવા માંગીએ છીએ કે ટોલ સિસ્ટમ માટે વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજી સેટેલાઇટ આધારિત સિસ્ટમ ટૂંક સમયમાં રજૂ કરાશે. ટોલનાકા પણ હટાવી દેવામાં આવશે.

તેમણે જણાવ્યું કે હવેથી નવી જીપીએસઆધારિત ટોલ સિસ્ટમ આવી જવાથી લોકોએ રોકવાની જરૂર નહીં પડે અને નંબર પ્લેટના ફોટા પરથી ટોલ વસૂલ કરી લેવાશે. આ સિસ્ટમ હાઈવે અથવા એક્સપ્રેસ વેનો કેટલા સમય માટે ઉપયોગ થયો તેના આધારે ટોલ વસૂલી કરશે. ટોલ ફી ડ્રાઈવરના બેંક ખાતામાંથી આપોઆપ કપાઈ જશે. દરમિયાન, ફાસ્ટેગથી ટોલ ટેક્સ વસૂલીનો ડેટા શેર કરતી વખતે ગડકરીએ કહ્યું કે અત્યાર સુધી ફાસ્ટેગથી ૪૯ હજાર કરોડ રૂપિયાથી વધુનો ટોલ ટેક્સ વસૂલવામાં આવ્યો છે. દૈનિક કલેક્શન ૧૭૦ થી ૨૦૦ કરોડની વચ્ચે થાય છે.

### અમેરિકા પર જંગી દેવું

# યુએસના અર્થતંત્ર પર સરેરાશ ઉંમર - દેવાનું વ્યાજ ભરવાનો ભાર

## દસ વર્ષમાં દેવામાં ૧૯ ટ્રિલિયનનો વધારો થવાનો અંદાજ

ન્યૂયોર્ક, તા.૮

અમેરિકા ભલે દુનિયાની સૌથી મોટી ઈકોનોમી ધરાવતો દેશ હોય, પરંતુ અમેરિકાની ઈકોનોમી જેટલી મોટી છે તેટલું જ તેના પર જંગી દેવું પણ છે. બુધવારે અમેરિકાની નોનપાર્ટીસન કોંગ્રેસનલ બજેટ ઓફિસે વ્યક્ત કરેલા અંદાજ અનુસાર આગામી દસ વર્ષમાં અમેરિકાના દેવામાં ૧૯ ટ્રિલિયનનો વધારો થવાનો અંદાજ છે, જેની સાથે જ દેશનું કુલ દેવું વધીને ૫૪ ટ્રિલિયન ડોલર થઈ શકે છે. હાલ અમેરિકા પર ૩૪ ટ્રિલિયન ડોલરનું દેવું છે. અમેરિકાના દેવાનો આ આંકડો કેટલો જંગી છે તે જો સાદી ભાષામાં સમજવું હોય તો એવું કહી શકાય કે ૧,૦૦૦ અબજ બરાબર ૧ ટ્રિલિયન ડોલર થાય. મતલબ કે અમેરિકા પર આગામી દસ વર્ષમાં જે કુલ દેવું હશે તેનો આંકડો ૫૦,૪૦૦ અબજ ડોલરને પહોંચશે. હવે જો આ રકમને આપ રૂપિયામાં કન્વર્ટ કરો તો કદાચ તમારૂં કેલ્ક્યુલેટર પણ હાંફી જશે. અમેરિકાની ઈકોનોમી પર દેશની વસ્તીની વધી રહેલી સરેરાશ ઉંમર અને દેવાનું વ્યાજ ભરવાનો સૌથી મોટો ભાર છે. જોકે, રાહતની વાત એ છે કે અમેરિકાની સરકારે પોતાના ખર્ચામાં કાપ મૂકવાની સાથે દેશના અર્થતંત્રએ ધાર્યા કરતા વધુ વિકાસ કરતાં દેવું વધવાની ઝડપ થોડી ઓછી થઈ છે.

# સા.કુંડલા ખાતે પૂ. જોગીદાસબાપુ ખુમાણની પ્રતિમા પ્રસ્થાપિત કરવાની તૈયારીઓ



અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ, તસ્વીર : કેવલ વેલાણી–સાવરકુંડલા

ઈતિહાસમાં બહુદારી અને ખાનદાની માટેનું અમરનામ એટલે જોગીદાસબાપૂ ખુમાણ. સાવરકુંડલા નગરપાલિકાના પ્રાંગણમાં ખમીરવંતા બાપુ જોગીદાસ ખુમાણનું શિલ્પ પ્રસ્થાપિત કરવામાં આવનાર છે. ત્યારે અમદાવાદમાં શિલ્પકાર મયુર વાકાણી દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા સ્ટેચ્યુમાં હવે કોઈ કચાશ રહી ન જાય તે હેતુથી પોતે જાતે સ્થળ ઉપર જઈને શિલ્પનું નિરીક્ષણ કરતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કર્યું હતું.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૯૦ | ૧૨૫૩ |
| ૨ | શીંગ મોટી | ૮૫૦ | ૧૨૫૬ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૧૦૬ |
| ૪ | જીરૂ | ૫૯૫૧ | ૬૨૭૫ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૧ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૨૮ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૦૫ |
| ૧૦ | મકાઈ | ૫૮૧ | – |
| ૧૧ | અડદ | ૧૧૫૦ | ૧૬૬૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૯૪ |
| ૧૩ | તુવેર | ૧૬૫૦ | ૨૦૧૧ |
| ૧૪ | ધાણા | ૧૦૫૦ | ૧૫૦૩ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૭૬ |

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૨૧૨ |
| ૨ | શિંગ મોટી | ૯૨૫ | ૧૨૯૬ |
| ૩ | શિંગદાણા | ૧૨૧૫ | ૧૬૧૦ |
| ૪ | તલ સફેદ | ૨૬૪૦ | ૩૧૬૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૩૯૫ | ૪૧૩૫ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ૭ | જુવાર | ૪૬૦ | ૮૨૫ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૬૦ | ૬૦૫ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૭૩ |
| ૧૦ | ચણા | ૮૨૦ | ૧૧૭૬ |
| ૧૧ | ચણા દેશી | ૧૩૮૧ | ૧૩૮૧ |
| ૧૨ | તુવેર | ૧૦૨૫ | ૧૯૯૬ |
| ૧૩ | કપાસ | ૯૯૯ | ૧૪૫૮ |
| ૧૪ | એરંડા | ૧૦૪૫ | ૧૧૦૪ |
| ૧૫ | જીરૂ | ૬૦૦૦ | ૬૪૯૦ |
| ૧૬ | રાયડો | ૮૩૦ | ૯૦૯ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૬૫૨ |
| ૧૮ | ધાણી | ૧૧૫૫ | ૧૭૨૦ |
| ૧૯ | અજમા | ૨૧૬૦ | ૨૧૬૦ |
| ૨૦ | સોયાબીન | ૮૦૮ | ૮૬૯ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૬૨૦ |

## રાજુલાનાં આંગણે આચાર્ય પૂ. રાકેશપ્રસાદજીનું સ્વાગત થયું



રાજુલા, તા. ૮

રાજુલાના આંગણે વર્ષો બાદ વડતાલ ગાદીપતિ રાજુલાના આંગણે આવતા રાજુલા શહેરમાં એક દિવાળી જેવો માહોલ જોવા મળ્યો. જયારે તેમના સ્વાગત માટે વિશેષ્યો કાર્યક્રમો યોજવામાં આવેલા હતા. ત્યારે હવેલી ચોકથી સ્વામિનારાયણ મંદિર સુધી ભવ્ય શોભાયાત્રા બેન્ડવાજા સાથે અને અવીલ ગુલાલ કંકુ અને ફટાકડાઓ ફોડતા ફોડતા સ્વામિનારાયણ મંદિર સુધી આ શોભાયાત્રા પહોંચેલી જયાં રાકેશ પ્રસાદજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનની આરતી ઉતારેલી અને ત્યારબાદ સ્વાગત કાર્યક્રમ અને ત્યારબાદ ધર્મ સભા યોજવામાં આવેલ આજના આ વિશેષ કાર્યક્રમમાં રાજુલા શહેરના વેપારીઓ અગ્રણીઓ રાજકીય કાર્યકરો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ સહિતની ટીમ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. વડતાલ સ્વામિનારાયણ મંદિર શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવના આમંત્રણ હેતુ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા આચાર્ય મહારાજ તથા ધામો ધામથી પૂજય સંતો ધર્મવિહારી શાસ્ત્રી સ્વામી (ઢસા), ઘનશ્યામસ્વામી (ગઢડા), ગોપીનાથ ચરણ સ્વામી (ગઢડા), બાલમુકુંદ સ્વામી (ગઢડા) અને ગોવિંદદાસજી સ્વામી(મહુવા) સહિતના વિવિધ સંતોએ હાજરી આપી, ધર્મપ્રેમી ભાઈઓ બહેનો તેમજ સત્સંગ સભાનો લાભ મળેલ. આ સમગ્ર કાર્યક્રમને કોઠારી સ્વામી નારાયણદાસજી તેમજ કોઠારી સ્વામી હરિનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ શ્રી સહજાનંદ ગૃપ તથા સત્સંગ સમાજ દ્વારા આ સમગ્ર આયોજન કરવામાં આવેલ.

પાના ૧ ઉપરનું ચાલું **વડિયાનાં ગ્રામ્ય વિસ્તારની એક તરૂણી**

બળજબરીપુર્વક પકડી લઇ, જમીન ઉપર સુવડાવી તેણી ઉપર બળજબરીપુર્વક જાતિય પ્રવેશ હુમલો કરી બાદમાં તેણીને જમીન પર સુવડાવી અને બીજા આરોપીએ પણ તેની સાથે બળજબરી દુષ્કર્મ ગુજારેલ હતું. આમ આરોપીઓએ ભોગ બનાર પર વારા ફરતી તેની મરજી વિરૂધ્ધ બળજબરીપુર્વક સામુહિક દુષ્કર્મ કરી અને ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી અને આરોપીઓએ ભોગ બનનારને જો આ બાબતેની કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ વડીયા પોલીસમાં નોંધાતા સર્કલ પોલીસ ઈન્સ. સી.એચ. કુગસીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૩૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૦૦ | ૯૯૩ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૧ | ૧૪૫૫ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૧ |
| ૪ | જુવાર સફેદ | ૮૩૨ | ૯૨૧ |
| ૫ | રાજગરો | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ૬ | સોયાબીન | ૭૬૬ | ૮૨૬ |
| ૭ | તુવેર | ૧૮૭૫ | ૧૮૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૧૭૮ | ૧૨૩૨ |
| ૩ | જીરૂ | ૪૩૨૫ | ૫૨૭૫ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૮૦ |
| ૫ | ચણા | ૯૭૦ | ૧૧૫૦ |
| ૬ | તુવેર | ૧૪૭૦ | ૧૯૩૦ |
| ૭ | ધાણ | ૧૦૯૦ | ૧૩૦૦ |
| ૮ | તલ સફેદ | ૨૪૬૯ | ૨૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬ |
| ૨ | ચણા | ૧૦૨૬ | ૧૦૭૫ |
| ૩ | મગફળી | ૧૦૩૫ | ૧૧૧૫ |
| ૪ | તુવેર | ૧૩૪૦ | ૧૭૫૫ |
| ૫ | બાજરો | ૪૮૫ | ૪૮૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૮ | ૫૬૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૫ |
| ૮ | ધાણા | ૯૯૯ | ૧૧૫૦ |
| ૯ | સોયાબીન | ૭૯૦ | ૮૧૨ |
| ૧૦ | જુવાર | ૮૯૫ | ૮૯૫ |
| ૧૧ | રાયડો | ૮૪૦ | ૮૪૦ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૧૪ | રાય | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૫ | લસણ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૬ | એરંડી | ૯૭૦ | ૯૭૦ |

પાના ૮ ઉપરનું ચાલું **આરોપીને આજીવન કેદની સજા**

ચુકવવા હુકમ કરેલ છે.

આ કામની હકિકત એવી છે કે, અમરેલી તાલુકાના વરસડા ગામે રહેતા જયવિરભાઈ ચંપુભાઈ વાળાના પિતા ચંપુભાઈ રામભાઈ વાળા તથા તે જ ગામે રહેતા ગુલાબભાઈ ઠાકોર તથા દડુભાઈ આહીર વરસડા ગામમાં રણછોડદાસ બાપુના આશ્રમે કલર કામ કરવા સારૂ ગત તા. ૪/૧/૨૨ નાં રોજ વરસડા ગામમા ફાળો લેવા નીકળેલ હતા. ત્યારે વરસડા ગામે શિવમંદીર પાસેથી તે લોકો પસાર થતાં હતા ત્યારે તે જ ગામે રહેતા આરોપી ચંપુભાઈ વલકુભાઈ ધાધલે જોરથી બોલી કહેલ કે, આ લોકો ગામમાં ફાળો લેવા હાલી નીકળ્યા છે તેમ કહી સુલેહ શાંતી ભંગ થાય તેવી ઉશ્કેરણી કરતા ચંપુભાઈ રામભાઈ વાળા આરોપીને સમજાવવા જતા આરોપીને સારૂ નહીં લાગતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ચંપુભાઈ રામભાઈ વાળાને જાનથી મારી નાંખવા ધમકી આપી અને જાનથી મારી નાખવાના ઈરાદે છાતીના ભાગે છરીનો ઘા મારી, છાતીના ભાગે ગંભીર મરણતોલ ઈજા કરી, ચંપુભાઈ રામભાઈ વાળાનું મોત નિપજાવેલ હતું.

આ અંગેનો કેસ અત્રેની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી આરોપી ચંપુભાઈ વલકુભાઈ ધાધલને આજીવન કેદ તથા રૂપિયા ૧૧ હજારના દંડની સજા તથા મૃતકના આશ્રીતને રૂપિયા ૩ લાખનું વળતર ચુકવવા હુકમ કરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૬૬ | ૧૪૩૨ |
| ૨ | મગફળી | ૧૦૫૫ | ૧૨૦૧ |
| ૩ | ઘઉં | ૪૯૪ | ૫૩૫ |
| ૪ | તુવેર | ૧૬૦૦ | ૧૯૧૫ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૬ | જીરૂ | ૪૬૦૦ | ૪૬૦૦ |
| ૭ | સુર્યમુખી | ૪૦૧ | ૪૦૧ |
| ૮ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૯ | વાલ | ૧૬૩૦ | ૧૬૩૦ |
| ૧૦ | સોયાબીન | ૮૪૫ | ૮૪૫ |
| ૧૧ | એરંડા | ૧૦૭૦ | ૧૦૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૦૫૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૨૮ |
| ૪ | બાજરો | ૪૩૦ | ૫૧૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૩ | ૬૦૯ |
| ૬ | જુવાર | ૫૫૦ | ૯૪૦ |
| ૭ | મકાઈ | ૩૦૦ | ૪૫૧ |
| ૮ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૯ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૦૧ | ૧૧૪૦ |
| ૧૧ | જીરૂ | ૫૬૫૬ | ૫૬૫૬ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | રાય | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૮૨૬ |

# અમરેલી જિલ્લા કરાટે ચેમ્પિયનશિપમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ ઝળકયા



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ અમરેલી જિલ્લા કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને પરિવારનું ગૌરવ વધાર્યું. તે બદલ સંસ્થાનાં વડાને પૂ. રતિદાદાએ આશીર્વાદ પાઠવ્યાં અને ડાયરેકટર ભારતભૂષણ મહેશ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતાએ શુભેચ્છા પાઠવી હતી.

## દેશમાં કરોડો પરિવારો વધુ ગરીબ બન્યા અને લાખો પરિવારો અમીર બન્યા હોય

# આગામી લોકસભાની ચૂંટણી અમીર–ગરીબ વચ્ચેની બની રહેશે

**બેકાબુ મોંઘવારી, કારમી બેરોજગારી, ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા ન હોવાથી ગરીબીનું પ્રમાણ વધી રહ્યું છે**

**દેશમાં ૮૦ કરોડથી વધુ નાગરિકોને મફત અનાજ આપવુ પડે તેની દયનીય વાસ્તવિકતા**

**સાબુ, બિસ્કીટ જેવી જીવન જરૂરી ચીજવસ્તુઓનાં વેંચાણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે**

**મોંઘા ભાવના ફ્લેટ, કાર, મોબાઈલ, બંગલા, ફર્નિચરનાં વેંચાણમાં વધારો થયો છે તે હકીકત છે**

અમરેલી, તા. ૮

ભારત દેશમાં ૧૪૦ કરોડની અંદાજિત સંખ્યામાં ૧૦૦ કરોડ દેશવાસીઓની માસિક આવક મહિને ૧૦ થી ૨૫ હજાર જેટલી જ હોય તે વર્તમાન સમયની મોંઘવારીમાં સામાન્ય રકમ જ માનવામાં આવે. તો ૪૦ કરોડ નાગરિકોની આવક મહિને ૨૫ હજારથી એક કરોડ કે તેનાથી વધુ રકમની હોય તેવા અંદાજ વચ્ચે આગામી લોકસભાની ચૂંટણીમાં દેશનાં ૧૦૦ કરોડની સામે ૪૦ કરોડ જેટલા સમૃધ્ધ હશે અને તે એની કોની પસંદગી કરે છે. તેના પર સૌની નજર મંડાયેલી છે.

દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ગરીબી વધી છે તે સ્પષ્ટ રીતે જોવા મળ ે છે. કારણ કે દેશનાં ૮૦ કરોડ નાગરિકોને કેન્દ્ર સરકાર ૪ વર્ષથી મફત અનાજ આપે છે. અને આગામી પાંચ વર્ષ સુધી આપવાની જરૂરિયાત હોવાનું જણાય આવે છે. તેમજ દૂધ, શાકભાજી, કઠોળ, દવા, શિક્ષણ, પેટ્રોલ–ડીઝલ, રાંધણગેસ, અનાજ સહિત તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં વધારો થયો છે. ભ્રષ્ટાચાર પણ વધી રહ્યો છે. ગરીબી વધી રહી છે, કૂપોષણનું પ્રમાણ પણ વધી રહ્યું છે. બીમારનાં પ્રમાણમાં પણ વધારો થયો છે. તેમજ દેશમાં છેલ્લા ૪૫ વર્ષમાં ન હોય તે પ્રકારની બેરોજગારી પણ જોવા મળી રહી છે. કરોડો યુવાનો નોકરી માટે ભટકી રહ્યાં છે. સરકારી કચેરીઓમાં લાખોની સંખ્યામાં કર્મચારીઓની ખાલી જગ્યાઓ હોવા છતાં પણ ભરતી કરવામાં આવતી નથી.

તદ્‌ઉપરાંત, નાની–મોટી ફેરી કરીને અથવા તો વેપારમાં સતત થતી ઘટ્ટનાં કારણે તેઓ પણ આર્થિક સંકડામણનો ભોગ બની રહ્યાં છે અને કાયદો અને વ્યવસ્થાનાં પ્રશ્ને પણ નારાજગી જોવા મળી રહી છે.

જો કે બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર જેવી સમસ્યાનો સામનો ૧૦૦ કરોડ નાગરિકોની આવકમાં વધારો થયો છે. તેઓનું જીવન સમૃધ્ધ બન્યું છે. એટલે તેઓને ૧૦ વર્ષમાં સરકારની કામગીરીથી કોઈ મુશ્કેલી નથી. પરંતુ ૧૦૦ કરોડ નાગરિકો તેમની રોજીંદી સમસ્યા વધવા પાછળ સરકારની નિષ્ફળતાને માને છે કે તેમના નસીબને માને છે. તેને લઈને આગામી ચૂંટણીનું પરિણામ નક્કી થશે તેવું લાગી રહ્યું છે.

---

### લોકસેવક મુકેશ સંઘાણીની અધ્યક્ષતામાં

## અમરેલી : સારહિ તપોવન આશ્રમના લોકાર્પણ હેતુ મહત્વની બેઠક યોજાઈ

**સારહિ પરિવારનાં સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતાં**

અમરેલી, તા. ૮

સારહિ તપોવન આશ્રમનાં લોકાર્પણ હેતુ, સારહિ યુથ કલબના પ્રમુખ અને લોકસેવક મુકેશભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં અગત્યની બેઠક યોજાઈ હતી, જેમાં સારહિ પરિવારનાં સભ્યો, આગેવાનો, હોદ્દેદારો, નગરસેવકો, અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં..!



---

## લીલીયા તાલુકામાં પ્રગતિ કો.ઓ સોસાયટી આયોજિત કૌશલ્ય વિકાસ મહોત્સવ યોજાશે

લીલીયા, તા. ૮

લીલીયા મોટા ખાતે આગામી તારીખ ૧૨/૨/૨૦૨૪ સોમવારના રોજ સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણીનાં ૭૦ માં વર્ષની ઉજવણીનું ૧૦ માં પર્વ નિમિત્તે શ્રી પ્રગતિ સોસાયટી લિ. લીલીયા મોટા દ્વારા કૌશલ્ય વિકાસ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.



જેમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા યોજાશે. જેમાં પાંચ તલાવડા, લીલીયા કન્યા પે સેન્ટર શાળા, કુમાર પે.સેન્ટર શાળા ક્રાંકચ, કુમાર પે.સેન્ટર શાળા તળ ે આવતી ૪૦ શાળાઓમાં ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા ૪૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈઓ બહેનો ભાગ લેનાર છે. આ તકે તાલુકા ભરના ૪૦ શાળામાં અભ્યાસ કરતા ૧૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે સંસ્થા દ્વારા અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર ૪૦૦ જેટલા સ્પર્ધક વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કીટ પણ વિતરણ કરવામાં આવનાર છે. આ તકે સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર સ્પર્ધકને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. સમગ્ર આયોજન સંસ્થાના ચેરમેન ભાવેશભાઈ રાદડિયાના માર્ગદર્શન નીચે થઈ રહ્યું છે તે સફળ બનાવવા એ.એચ. મકવાણા, બીઆરસી અભિષેક ઠાકર, સી.આર.સી. પી.એમ. રાખસીયા, મન્સૂરીના માઈક્રો પ્લાનિંગથી કરવામાં આવી રહ્યું છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### ભાજપ અગ્રણીની રજૂઆત ફળી

## વડિયા : બાંટવા દેવળી અમરનગર રોડ મંજૂર થયો

**ચાર કિ.મી. રોડ માટે ૨૦૦ લાખની જોગવાઈ કરાઈ**

વડિયા, તા. ૮

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાથી ગોંડલ જવા માટેનો મુખ્ય માર્ગ કે જે બે જિલ્લાની સરહદને જોડે છે તે વડિયાથી અમરનગર માર્ગ છેલ્લા ઘણા સમયથી અતિ બિસ્માર હાલતમાં છે અને સ્થાનિક રાહદારીઓ અને વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીઓ પડતી હોવાથી આ બાબતે વડિયા– કુંકાવાવ તાલુકા પંચાયત કારોબારી પ્રતિનિધિ અને ભાજપ અગ્રણી તુષારભાઈ ગણાત્રા દ્વારા આ વિસ્તારના ધારાસભ્ય એવા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને રજુઆત કરતા તેમના દ્વારા સરકારમાં રજુઆત કરી આ ચાર કિલોમીટરના રસ્તા માટે રૂપિયા ૨૦૦ લાખ મંજુર કરાવતા ટૂંકા સમયમાં આ રસ્તો નવા રૂપ રંગ ધારણ કરશે અને લોકોએ પડતી હાલાકી દૂર થશે. ત્યારે સ્થાનિક ભાજપ અગ્રણીની રજુઆત ફળ તા લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. ત્યારે જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા



વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તુષારભાઈ વેગડ, યુવા મોરચાના મહામંત્રી અનિરૂદ્ધભાઈ બોરીચા, વડિયા–કુંકાવાવ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન રાધિકાબેન ગણાત્રા, વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા, બાંટવાદેવળી સરપંચ યતિનભાઈ નાગાણી, જીગર સેજપાલ, પ્રતિક હરખાણીએ સ્થાનિક ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાનો આભાર માનતા જોવા મળ્યા છે.

---

## સાવરકુંડલા પ્રાથમિક કન્યાશાળા ખાતે નેશનલ સાયન્સ દિવસ ઉજવાશે



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક ખાતે આવેલ સરકારી પ્રાથમિક કન્યા શાળા નંબર બેમાં નેશનલ સાયન્સ ડે નિમિત્તે આખો મહિનો ઉજવવાનો હોય તે ઉજવણીનો પ્રારંભ થયો હતો સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક ખાતે આવેલ સરકારી પ્રાથમિક કન્યા શાળામાં ફેબ્રુઆરી ૨૦૨૪ નેશનલ સાયન્સ ડે તરીકે આખો મહિનો ઉજવવાનો છે અને આજે તેનું ઉદ્‌ઘાટન ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દિલ્હી દ્વારા કરવામાં આવ્યું છે. જેની લીંક સીએસસી કો–ઓર્ડીનેટર ચેતનભાઈ પાઠકે લીંક પરથી પ્રોગ્રામ હેઠળ આ શાળામાં આવીને દરેક કલાસ રૂમમાં આચાર્યા ભારતીબેન રાઠોડ સાથે જઈને આચાર્યા અને ચેતનભાઈએ શાળાની બાળ ાઓને માર્ગદર્શન આપેલ હતું.

---

### પ્રદેશ કોંગ્રેસ અગ્રણીઓની ઉપસ્થિતિમાં

## લાઠી–બાબરા–કુંકાવાવ–બગસરા વિધાનસભા તાલુકાની કોંગ્રેસ પક્ષની બેઠક મળી

**ભાજપને ભરી પીવા કમર કસતા કોંગી કાર્યકરો**

અમરેલી, તા.૮

આગામી લોકસભાની ચુંટણી અને સંગઠનની એક બેઠક લાઠી–બાબરા વિધાનસભાની બેઠક લાઠી મુકામે સર્કિટ હાઉસ ખાતે આજરોજ કારોબારી મીટીંગ મળેલ જેમાં પુર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે અધ્યક્ષ સ્થાન સંભાળેલ હતું. બેઠકમાં આ વિસ્તારનાં પુર્વ ધારાસભ્ય અને માજી સાંસદ વિરજીભાઈ ઠુંમરે ભારતીય જનતા પાર્ટીની જુઠ્ઠી કાર્યપ્રણાલી અને ગેરકાયદેસરની અનેક કાર્યવાહીઓને ઉજાગર કરી રાષ્ટ્રીય કક્ષાએ જનતાએ જાગીને લોક્શાહીનું હનન કરનારાઓને જાગૃત કરવા ગ્રામ્ય કક્ષા સુધી કોંગ્રેસના દરેક કાર્યકર્તાએ અથાંગ મેહનત કરી સામાન્ય માણસની પીડાને વાચા આપી આવી ભ્રષ્ટ શાસન વ્યવસ્થાને નેસ્તનાબુદ કરવા કમર કષવી પડશે. ભારતીય જનતા પાર્ટી અને તેની રાજય અને કેન્દ્રની સરકારે દંભી ધર્મની આડમાં આ દેશમાં વિખવાદ ફેલાવી સાશન કરવાની માનસિકતા કેળવી લીધી છે ત્યારે સામાન્ય જનતાના પ્રાણ પ્રશ્નો જેવા કે, શિક્ષણ, આરોગ્ય, પ્રાથમિક સુવિધાઓ ખેતી અંગેની મુશ્કેલીઓ મોંઘવારી, બેકારી જેવા અનેક વિકરાળ પ્રશ્નો પ્રત્યે જનતાને જગાડી આ ભ્રષ્ટ સરકારને જાકારો આપવો જરૂરી બન્યો છે તેમ કહી કોંગ્રેસ સમયના સાશનમાં થયેલી લોકાપયોગી કામગીરીની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે પુર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયાએ ભાજપની ભવાઈ અંગે આક્રોશ વ્યકત કરી કાર્યકર્તાઓને હતાશા ખંખેરી ભ્રષ્ટ સરકારને ભો ભીતર કરવા કાર્યકરોને કામે લાગવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે કાર્યકરને શીખ આપી આગામી દિવસોમાં સંગઠન ક્ષેત્રે કાયમી કામ કરી કોંગ્રેસને ઉજળી કરનાર કાર્યકર્તાઓને મહત્વ આપી તેમને સરાહનાહ કરવામાં આવશે તેમ કહી ભારતીય જનતા પાર્ટી ૩૫ વર્ષથી ગુજરાતમાં સાશનનું વરવુ પ્રદર્શન કરી લોકોની યાતનાઓમાં કાયમી વધારો કરેલ છે.અને મોંઘવારીએ માજા મુકી છે, બેકારીએ વિકરાળ મો ફાડીયુ છે, નાના ઉદ્યોગો અને ખેતી પડી ભાંગી છે તેને મઠારવાને બદલે માત્ર મુઠ્ઠી ભર પુંજીપતિઓને અને ભ્રષ્ટ અધિકારીઓને છુટો દોર આપી લોકોનું લોહી ચુસવાનું ઘોર પાપ કર્યુ છે ત્યારે ગાંધી અને સરદારના ગુજરાતને ગોડસે નું ગુજરાત બનતા અટકાવવા આપણે સેએ ભેખ લેવો પડશે તેમ કહી કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ





કોંગ્રેસ તરફથી ઉપસ્થિત નિરીક્ષકઓ પુર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, તળાજા ના પુર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયાએ પક્ષના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીની ન્યાય યાત્રાને અનુલક્ષી ગુજરાતમાં આ ન્યાય યાત્રાને આવકારવા આપણે સૌ એ સંગઠીત બની પ્રજાલક્ષી પીડાને રાષ્ટ્રીય કક્ષાએ ઉજાગર કરી ભાજપનું ગુજરાત મોડલ બોગસ અને તર્કટ ભર્યુ છે તેવું સાબિત કરવું પડશે તેમ કહી સંગઠન ક્ષેત્રે યુવાનો વધુ કામગીરી બજાવે તેવી શીખ આપી હતી. આ તકે પ્રદેશ કોંગરસના નિરીક્ષકો અને પાલીતાણા ના પુર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, તળાજા ના પુર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. મીટીંગમાં પુર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, પુર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, પુર્વ જિલ્લા પ્રમુખ ડી.કે.રૈયાણી, જીતુભાઈ વાળ ા, લાઠી તાલુકા કોંગરસ પ્રમુખ આંબાભાઈ કાકડીયા, સાદુળભાઈ ડેર, નનુભાઈ લાડોલા, દિનેશભાઈ મકવાણા,વજુભાઈ નવાપરીયા, ખોડાભાઈ આંસોદર, ઘુસાભાઈ હેરમાં, શ્રી રાજુભાઈ ભાલવાવ, બાબરા તાલુકા કોંગરસ પ્રમુખ શ્રી જસમતભાઈ ચોવટીયા, બાબરા શહેર કોંગરસ પ્રમુખ શ્રી ચિતરંજનભાઈ છાંટબાર, અમરેલી તાલુકા કોંગરસ પ્રમુખ શ્રી મનિષભાઈ ભંડેરી, જિલ્લા કોંગરસ મહામંત્રી શ્રી જનકભાઈ પંડયા, શ્રી જગદીશભાઈ પાનસુરીયા, શ્રી જગદીશભાઈ તળાવીયા, શ્રી નરેશભાઈ અપ્રયારૂ, શ્રી કે.કે.વાળા, શ્રી રફિકભાઈ મોગલ સહિત લાઠી બાબરા વિધાનસભા ના કોંગરસ અગ્રણીઓ ઉપસ્થિત રહી આગામી ચુંટણી સંદર્ભે કાર્યકર્તાઓને મહત્વની કામગીરીઓ અંગે માહિતગાર કર્યા હતાં.

આમ, કુંકાવાવ બાબરા બગસરા મુકામે પણ ઉપરોકત આગેવાનોએ સંગઠનની સમિક્ષા અને લોકલ પ્રશ્નો અંગેની જીણવટભરી માહિતી મેળવી ભાજપની નિષ્ફળ તાઓને લોકલ પ્રશ્નો થી જાગૃત કરી લોક જાગૃતિનું કામ કરવા નિક્ષિત કાર્યક્રમ નકકી કર્યો હતો. આ પ્રસંગે કુંકાવાવ તાલુકા કોંગરસ સમિતિના પ્રમુખ રવજીભાઈ પાનસુરીયા, રવજીભાઈ પાઘડાળા, સત્યનભાઈ મકાણી, ધર્મેન્નદ્રભાઈ પાનસુરીયા, મનસુખભાઈ વિગેરે હાજર હતા જયારે બગસરા તાલુકા કોંગરસ અગ્રણીઓ બાબભાઈ દુધાત, ચિરાગભાઈ પરમાર, રવજીભાઈ વાઘેલા પુર્વ જિ.પ.પ્રમુખ, અનકભાઈ વાળા પીઢ કોંગી અગ્રણી, અનિલભાઈ શેખ, જમાલભાઈ સરવૈયા, ભરતભાઈ ભાલાળા, વિઠ્ઠલભાઈ ન.પા. સદસ્ય સહિત તાલુકા / શહેરના કોંગી અગ્રણીઓ ઉપસ્થિત રહી સંગઠન માટે કોંગરસ પક્ષને મજબુત બનાવવા કામે લાગી જવાનો કોલ આપ્યો હતો.

---

## અમરેલીની શ્રીજી વિમેન્સ હોસ્પિટલ ખાતે મહિલાઓ માટે મેડિકલ કેમ્પ યોજાયો









પ્રદેશ ભાજપની આજ્ઞા અનુસાર અને અમરેલી જિલ્લા ભારતીય પાર્ટીનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા ડો.સેલ તેમજ અમરેલી જિલ્લા અનુસુચિત મોરચાનાં સંયુકત ઉપક્રમે તા.૭/૨/૨૦૨૪ ના રોજ અમરેલી શહેર ખાતે આવેલ શ્રીજી વિમેન્સ હોસ્પિટલ ખાતે માતુરી રમાબાઈ ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિ નિમિતિ ફકત મહિલાનો મેડીકલ કેમ્પનું આયોજન કરેલ હતું જેમા આશરે ૨૦૦ (બસો દર્દીઓએ આ મેડીકલ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં અમરેલી ભાજપનાં હોદેદારોમાં જિલ્લા મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અનુસુચિત મોરચાનાં મેડીકલ કેમ્પનાં ઈન્ચાર્જ પારૂલબેન દાફડા, કેશુભાઈ વાઘેલા, અનુસુચિત મોરચાનાા લોકાસભાનાં પ્રભારી મહેન્દ્રભાઈ જાદવ, અનુસુચિત મોરચાનાં મહામંત્રી સંદીપભાઈ સોલંકી, અમરેલી તાલુકા પંચાયત સમિતિનાં ચેરમેન પ્રવિણભાઈ ચાવડા ભાવેશભાઈ સોઢા, રાજુભાઈ માંગરોળ ીયા શહેર ભાજપ મહામંત્રી અલ્કાબેન ગોંડલીયા, કાશ્મીરાબેન વ્યાસ, કોમલબેન રામાણી, નીકુબેન પંડયા, દીપકભાઈ વઘાસીયા, જિલ્લા ભાજપ કોષાધ્ય, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, શંભુભાઈ મહીડા, મધુભાઈ ચાવડા, રણજીતભાઈ વાળા, હિતેશભાઈ સેજુ, જીતુભાઈ બથવાર, જીજ્ઞેશભાઈ દાફડા, પરેશભાઈ દાફડા, તુલસીભાઈ મકવાણા, ભાવેશભાઈ વાળોદરા, પીન્ટુભાઈ વાઘેલા, સુરેશભાઈ શેખવા, વનરાજભાઈ કોઠીવાલ, જીલ્લા ભાજપ કાર્યાલય મંત્રી મહેન્દ્ર ચાવડા, અમરેલી જિલ્લા અનુસુચિત મોરચો તથા અમરેલી જિલ્લા ડોકટર સેલ તથા વિવિધ નિષ્ણાંત ડોકટરોની ટીમ સહિતનાં ઉપસ્થિત રહેલા જેમાં ડો.પિયુષ ગોસાઈ, ડો.રાજુભાઈ કથીરીયા, ડો.ચંદ્રેશ ભાઈ ખુંટ, ડો.ભાવેશ દવે, ડો.ટાંક, ડો.નરેન્દ્ર સોજીત્રા, ડો.પરવાડીયા, ડો.અશોક પરમાર ડો.નિખિલ, ડો.સાપરિયા, ડો.જીતેન્દ્ર સોલંકી, ડો.સામેલ સાવલીયા, ડો.રાજપરા, ડો.દિપાલી ઝાલા, ડો.વેકરીયા, ઉર્મીશાબેન તથા ડો.પ્રેરણા ગોસાઈ, અમરેલી જિલ્લા અનુસુચિત જાતિ મોરચાનાં વિવિધ હોદેદારો તથા ચુંટાયેલા આગેવાનઓ અને ડોકટર સેલનાં વિવિધ હોદેદારો સહિત વગેરે ઉપસ્થિત રહયા હતા.

### અમરેલી લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળાનું નિવેદન

# ભાજપનાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે પૂ. જલારામબાપાની જાહેરમાં માફી માંગવી જોઈએ

### ભાજપ હાઈ કમાન્ડ સુધી રઘુવંશી સમાજ દ્વારા રજૂઆત






અમરેલી, તા. ૮

અમરેલીનાં લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળાએ કલોલનાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબા વિશે અભદ્ર ટિપ્પણી કરતાં આ ઘટનાને વખોડી કાઢી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, પૂ. જલારામબાપા સમગ્ર સમાજનાં આસ્થાનાં કેન્દ્ર સમા છે. તેઓનાં ભકતો સમગ્ર વિશ્વમાં ફેલાયેલ છે. તેઓનાં વિરપુર ધામે દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતાં હોય તેવા સંત શિરોમણી પૂ. જલારામબાપા વિશે ટિપ્પણી થતાં રઘુવંશી સમાજની લાગણી દુધાઈ હોય ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે વિરપુર ધામ જઈને જાહેરમાં માફી માંગવી જોઈએ અને આ બાબતે ભાજપનાં હાઈ કમાન્ડને પણ રજૂઆત કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

### લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સર્વોપરી હોવાને બદલે મજબૂર

# વડિયાની સબ રજીસ્ટ્રાર કચેરીમાં લાલિયાવાડીનાં કારણે અરજદારો ત્રાહીમામ પોકારી ગયા

### કચેરીનાં કર્મચારીઓ સમયસર કચેરીમાં પધારતા ન હોય પરેશાની





તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૮

વડિયામાં મામલતદાર કચેરીના ઉપરના માળે સબ રજીસ્ટ્રાર કચેરી આવેલી છે. આ કચેરીમાં અઠવાડિયામાં ત્રણ દિવસ દસ્તાવેજ નોંધણીની કામગીરી કરવામાં આવે છે. તે માટે અગાઉથી ટોકન લઈ સમય લેવાની પધ્ધતી અમલમાં છે. હાલ આ કચેરીમાં ત્રણ દિવસની સિસ્ટમ શરૂ હોવાથી દસ્તાવેજ નોંધાવનારા લોકોની સંખ્યા વધુ હોવાથી લોકોનો ઘસારો વધુ જોવા મળે છે પરંતુ જવાબદાર અધિકારી સમયસર આવતા ના હોવાથી લોકો પરેશાન થતા જોવા મળી રહ્યા છે. તા. ૮/૨ ને ગુરૂવારના રોજ સવારે આ ઓફિસનો ટાઈમ ૧૦:૩૦ હોવાથી તાલુકાભરના ૨૫ જેટલાં લોકો ટોકન લઈને દસ્તાવેજ નોંધાવવા માટે આ કચેરી બહાર અધિકારીની રાહ જોતા નજરે પડયા. ત્યારે તાલુકા પ્લેસના ગામમાં દસ્તાવેજ નોંધણી અધિકારી અઠવાડિયામાં ત્રણ દિવસ કામગીરી માટે ફાળવે અને તેમાં પણ ટાઈમસર ના આવે તો અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી સ્થિતિ જોવા મળી હતી. આ ઉપરાંત આ ઓફિસમાં આવતા લોકો માટે પૂરતી બેઠક વ્યવસ્થા ના હોવાથી મહિલાઓ સહિત બાળકો પણ અધિકારીની લાલિયાવાડીથી હેરાન થતા જોવા મળ્યા હતા અને મામલતદાર કચેરીના ઉપરના માળે જાણે કોઈ મિટિંગ હોય તેવો મેળાવડો થતો જોવા મળ્યો હતો. હવે જોવાનું એ રહ્યું કે આવનાર સમયમાં આવા અનિયમિત અધિકારીના પાપે લોકો પરેશાન થતા હોય ત્યારે વર્તમાન સંવેદનશીલ સરકાર આ બાબતે જાગૃતતા દાખવીને આવા પેધી ગયેલા અધિકારીઓને સમયસર ઓફિસે આવતા કરે છે કે સબ સલામતનું ગાણું ગાશે તે તો આવનારો સમય જ બતાવશે.

### અમરેલી કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલની દલીલોનાં આધારે

# અમરેલીનાં વરસડા ગામે મંદિરનો ફાળો ઉઘરાવવા બાબતે થયેલ હત્યા કેસનાં આરોપીને આજીવન કેદની સજા

### મૃતકનાં આશ્રિતને 3 લાખનું વળતર ચુકવવા પણ આદેશ

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાના વરસડા ગામે રહેતા ખેડૂત સહિતના લોકો બે વર્ષ પહેલાં વરસડા ગામમાં આવેલ રણછોડદાસજી બાપુના આશ્રમે કલર કામ કરવા સારૂ ગામમા ફાળો લેવા નીકળેલ હતા. ત્યારે વરસડા ગામે શિવ મંદિર પાસેથી તેઓ પસાર થતાં હતા ત્યારે તે જ ગામે રહેતા આરોપીએ આધેડ ખેડૂતને જોરથી બોલી કહેલ કે, આ લોકો ગામમા ફાળો લેવા હાલી નીકળ્યા છે. તેમ કહી સુલેહ શાંતી ભંગ થાય તેવી ઉશકેરણી કરતા, ખેડૂત આધેડ આરોપીને સમજાવવા જતા આરોપીને સારૂ નહીં લાગતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ ખેડૂત આધેડને જાનથી મારી નાખવાના ઈરાદે છાતીના ભાગે આરોપીના હાથમાં રહેલ છરીનો ઘા મારી, છાતીના ભાગે ગંભીર મરણતોલ ઈજા કરી, મોત નિપજાવેલ હતું. આ અંગેનો કેસ અત્રેની કોર્ટમાં ચાલી જતાં આરોપીને આજીવન કેદ તથા રૂપિયા ૧૧ હજારના દંડની સજા તથા મૃતકના આશ્રીતને રૂપિયા ૩ લાખનું વળતર

(અનુસંધાન પાના ૬ ઉપર)





IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,490/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના




સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી (સાવરકુંડલા)
સાવરકુંડલા શહેરમાં "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧–સાવરકુંડલા
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪
થી
તા.૩૧-૧૨-૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)